RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 242, Dt.30-12-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ખ્યાતિનુ અધધ.. રૂ. ૨૦૦૦ કરોડનું જમીન કૌભાંડ!

## IAS - IPS અધિકારીઓ ફસાયાઃ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની તપાસમાં ED ને મની લોન્ડ્રીંગના પુરાવા મળ્યા




### અમદાવાદ આસપાસની જમીનના ૫૦૦થી ૧૦૦૦ વારના પ્લોટ ફકત સર્વે નંબર – નકશા પરથી ફરાર હોસ્પીટલ ડાયરેકટર કાર્તિક પટેલે વેચ્યા હોવાના દસ્તાવેજી પુરાવા મળ્યાઃ અનેક ટોચના અધિકારીઓ – હાઈપ્રોફાઈલ લોકોનું રોકાણ, નાણાનો ખુલાસો કરી શકે તેમ નહી હોવાથી તેઓ મૌન

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગ્રામ્ય સહિતના વિસ્તારોમાં નદર્દીથઓ શોધી તેમના પરાણે એન્જીયોપ્લાસ્ટીની સર્જરી સહિતના ઓપરેશન મારફત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાંથી નનાણાથ મેળવી લેવા માટે કુખ્યાત ખ્યાતિ હોસ્પીટલ પ્રકરણમાં હજુ અનેક ધડાકા થઈ રહ્યા છે અને ફકત ખ્યાતિ જ નહી ગુજરાતની અનેક હોસ્પીટલોમાં પણ આ પ્રકારે ગોરખધંધા ચાલતા હોવાની માહિતી બહાર આવતા જ અનેક હોસ્પીટલો બ્લેક લીસ્ટેડ થઈ છે.

ત્યાં જ હવે આ ખ્યાતિ હોસ્પીટલના સ્થાપક કાર્તિક પટેલનું ખ્યાતિ જમીન કૌભાંડ બહાર આવ્યુ છે અને તેણે ફકત સર્વે નંબરના નકશા પરથી જ અમદાવાદ નજીક સાંતેજ અને આસપાસના વિસ્તારોના ૫૦૦ થી ૧૦૦૦ ચોરસવારના પ્લોટ વેચી માર્યા હોવાનું અને વાસ્તવમાં તે જમીનની માલીકીથી લઈ કબ્જા અંગે પણ પ્રશ્ન હોવાનું બહાર આવતા હજારો કરોડ રૂપિયા તેમાં ખ્યાતિ ગ્રુપે મેળવી લીધા હોવાનું બહાર આવ્યુ છે.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, રાજયના કેટલાક ટોચના આઈએએસ તથા આઈપીએસ અધિકારીઓએ પણ આ પ્લોટ–નકશા જોઈને ખરીદ્યા છે પણ તેઓ તેમના નાણા અંગે કોઈ ખુલાસો કરી શકે નહી હોવાથી મૌન ધારણ કરીને બેસી ગયા છે.

ખ્યાતિ હોસ્પીટલ અને પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનામાં જંગી નાણાનો ભ્રષ્ટાચાર થયો હોવાથી અન્ય તપાસની સાથે હવે એન્ફોર્સમેન્ટ વિભાગે પણ તપાસમાં ઝંપલાવ્યુ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના લોકોના આરોગ્ય માટે સુરક્ષા કવચ જેવો આ મહત્વપૂર્ણ કાર્યક્રમ અને તેમાં ભ્રષ્ટાચારની યોજના હચમચી ગઈ છે.

ગુજરાતમાંથી જ આ કૌભાંડ બહાર આવતા તે મુદો વિપક્ષો માટે પણ હથિયાર બની ગયો છે તેમાં હવે તમામમાં ઈડીને જોડવામાં આવી છે. ઈડી દ્વારા ખ્યાતિ હોસ્પીટલના ઓડિટ રિપોર્ટની તપાસ કરતા તથા હાલ ફરાર રહેલા હોસ્પીટલના ડિરેકટર કાર્તિક પટેલના નિવાસે તપાસમાં જમીનના સોદા અંગે જે દસ્તાવેજો મળ્યા તેમાં આ કૌભાંડ બહાર આવ્યુ છે.

પટેલ હાલ દુબઈમાં હોવાનું મનાય છે અને તેને રાજકીય છત્રથી બચાવાઈ રહ્યા હોવાની ચર્ચા છે. હવે ઈડીએ આ અંગે એક એન્ફોર્સમેન્ટ–કેસ ઈન્ફર્મેશન રિપોર્ટ તા.૧૯ના રોજ નોંધ્યા છે. જેનો મતલબ તેમાં વધુ તપાસ જરૂરી છે.

આ તમામ સાથે જોડાયેલા એક અધિકારીએ જણાવ્યું કે ખ્યાતિ–લેન્ડ પાસેથી જમીન લેનાર અધિકારીઓ તથા અન્ય હાઈપ્રોફાઈલ લોકોની પુછપરછ કરી રહ્યા છીએ અને તેમાં મનીલોન્ડ્રીંગ–કાળાનાણાને ધોળા કરવા સહિતના પાસામાં તપાસ થશે. ખ્યાતિ લેન્ડના બેન્ક ખાતાઓની માહિતી પણ મેળવાઈ છે. એક તરફ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના પોર્ટલથી ખ્યાતિ હોસ્પીટલ સાથે જોડાયેલા તપાસની ધરપકડ થઈ છે પણ હવે ખ્યાતિ લેન્ડ કૌભાંડમાં તો મોટા માથાઓની સંડોવણીના ઘટસ્ફોટ ભવિષ્યમાં નવા ધડાકા કરી શકે છે.

# મેલબોર્ન ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાનો ૧૮૪ રને વિજય

### બાંગ્લાદેશી અમ્પાયરના વિવાદિત નિર્ણય પર ચાહકોનો રોષ ફુટ્યો; હવે સિડની ટેસ્ટ ટીમ ઈન્ડિયા માટે નિર્ણાયક

**મુખ્ય સમાચાર,મેલબોર્ન**

બોર્ડર–ગાવસ્કર ટ્રોફી (BGT) ૨૦૨૪–૨૫ હેઠળ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોથી ટેસ્ટ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) ખાતે રમાઈ હતી. આ મેચમાં ભારતને ૧૮૪ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. મેચમાં ભારતને જીતવા માટે ૩૪૦ રનનો ટાર્ગેટ હતો, પરંતુ ટીમ માત્ર ૧૫૫ રન સુધી જ ઓલઆઉટ થઈ ગઈ હતી. આ હારને કારણે ભારતીય ટીમ હવે સિરીઝમાં ૧–૨થી પાછળ છે. ભારત તરફથી યશસ્વી જયસ્વાલે ૮૪ રનની ઈનિંગ રમી હતી, પરંતુ થર્ડ અમ્પાયરના ખરાબ નિર્ણયે તેની ઈનિંગનો અંત લાવી દીધો હતો. હવે છેલ્લી ટેસ્ટ ૩ જાન્યુઆરીથી સિડનીમાં રમાશે.

તમને જણાવી દઈએ કે ઓસ્ટ્રેલિયાનો બીજો દાવ ૨૩૪ રન પર સમેટાઈ ગયો હતો. ભારત તરફથી જસપ્રીત બુમરાહે બીજી ઈનિંગમાં ૫ વિકેટ ઝડપી હતી. આ પહેલાં ભારતીય ટીમે તેના પહેલી ઈનિંગમાં ૩૬૯ રન બનાવ્યા હતા. ભારત તરફથી નીતિશ કુમાર રેડ્ડીએ ૧૧૪ રનનું યોગદાન આપ્યું હતું. તમને જણાવી દઈએ કે આ મેચની પ્રથમ ઈનિંગમાં ઓસ્ટ્રેલિયન ટીમ ૪૭૪ રનમાં સમેટાઈ ગઈ હતી. એટલે કે પ્રથમ દાવના આધારે ઓસ્ટ્રેલિયાને ૧૦૫ રનની લીડ મળી હતી. ૩૪૦ રનના ટાર્ગેટને ચેઝ કરતી વખતે ભારતીય ટીમની શરૂઆત ધીમી રહી હતી. રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલે નવા બોલ પર મોટા શોટ મારવાનો પ્રયાસ કર્યો ન હતો. પરિણામે ભારતે ૧૬ ઓવરમાં માત્ર ૨૫ રન બનાવ્યા હતા. એવું લાગી રહ્યું હતું કે રોહિત જ્યારે મોટી ઈનિંગ રમવાનો હતો ત્યારે તેની ધીરજ ખૂટી ગઈ હતી. રોહિત (૯)ને પેટ કમિન્સે મિચેલ માર્શના હાથે કેચ આઉટ કરાવ્યો હતો. ચાર બોલ પછી, કમિન્સે પણ કેએલ રાહુલને પ્રથમ સ્લિપમાં ઉસ્માન ખ્વાજાના હાથે કેચ આઉટ કરાવ્યો. રાહુલ ખાતું પણ ખોલાવી શક્યો ન હતો. ત્યારબાદ વિરાટ





કોહલી પણ ૫ રન બનાવીને મિચેલ સ્ટાર્કના બોલ પર ખ્વાજાના હાથે કેચ આઉટ થયો હતો. કોહલીની જૂની નબળાઈએ આ ઈનિંગમાં પણ તેનો પીછો છોડ્યો નહીં અને તે ઓફ સ્ટમ્પની બહાર જતા બોલ પર આઉટ થઈ ગયો.

અહીંથી રિષભ પંત અને યશસ્વી જયસ્વાલે સાથે મળીને ઈનિંગ્સને સંભાળી હતી. બંને વચ્ચે ચોથી વિકેટ માટે ૮૮ રનની ભાગીદારી થઈ હતી.

# સાયકલ સવાર - રાહદારીઓને 'પરિવહન'ની વ્યાખ્યામાં મુકવા ભલામણ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશભરનાં નાના–મોટા શહેરોમાં ટ્રાફીક જામની સમસ્યા તથા રાહદારીઓ માટે ચાલવાનું પણ મુશ્કેલ બન્યુ હોવાની વાસ્તવિકતા વચ્ચે કેન્દ્ર સરકારે નિયુકત કરેલી કમીટીએ જાહેર પરિવહન તથા રાહદારીઓને લક્ષ્યમાં રાખીને કેટલાંક મહત્વનાં સુચનો કર્યા હતા જેનો અમલ થવાના સંજોગોમાં શહેરોમાં સાયકલ તથા વોકીંગ ટ્રેક ફરજીયાત બનશે અને તેઓ પર અકસ્માતનું જોખમ થઈ જશે.સાબરમતી રીવરફ્રન્ટ વિકાસ નિગમનાં ચેરમેન કેશવ વર્માના વડપણ હેઠળ કેન્દ્ર સરકારે હાઈપાવર કમીટીનું ગઠન કર્યુ હતું. તેના દ્વારા સરકારને બીજો રીપોર્ટ સુપરત કરવામાં આવ્યો છે તેમાં મેટ્રો ટ્રેન, સાયકલ સવારો, રાહદારીઓ માટે ખાસ સુચન કરવામાં આવ્યા છે. સરકારી તથા સાયકલ સવારોને પણ પરિવહનની વ્યાખ્યામાં સામેલ કરવા તથા તે માટે મોટર વ્હીકલ, એકટમાં સુધારા કરવાની ભલામણ કરવામાં આવી છે.

રીપોર્ટમાં એમ કહેવાયું છે કે, માર્ગોની યોજના માત્ર કાર કે વાહનોને લક્ષ્યમાં રાખીને બનાવવાનાં બદલે સાયકલ સવાર કે રાહદારીઓની સુરક્ષા પર પણ ફોકસ રાખવુ



જોઈએ ૪૨ ટકા લોકો પગપાળા જતા હોય છે અને તેઓની સુરક્ષાને મહત્વ નથી અપાતું આ માટે ખાસ એકશન પ્લાન ઘડાવો જોઈએ. માર્ગોનાં આયોજન માટે ઓલ ઈન્ડીયા સીવીલ સર્વીસીઝનાં ધોરણે અખિલ ભારતીય નગર નિયોજન સેવાની રચના કરવામાં આવે.

રીપોર્ટમાં પંજાબનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. જયાં નવા રોડમાં સાયકલ–વોકીંગ ટ્રેકની જોગવાઈ ફરજીયાત છે. હાઈપાવર કમીટીએ જાહેર પરિવહન અંતર્ગત ૫૦ લાખથી વધુની વસતી ધરાવતા શહેરોમાં જ મેટ્રો ટ્રેન શરૂ કરવા સુચવ્યુ છે. દેશના તમામ મોટા શહેરો માટે સ્વતંત્ર યુનિફાઈડ મેટ્રો ટ્રાન્સપોર્ટ ઓથોરીટી બનાવવા પણ ભલામણ કરવામાં આવી છે.

# દક્ષિણ કોરિયાના પ્લેન ક્રેશમાં બચેલા બે વ્યકિત યાદદાસ્ત ખોઈ બેઠા, કંઈ યાદ નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સાઉથ કોરિયાના યુઆન રવિવારે સવારે વિમાન અકસ્માતમાં ૧૭૯ લોકોના જીવ ગયા હતા. આ ગમખ્વાર પ્લેન ક્રેશમા માત્ર બે વ્યકિતઓ બચ્યા હતા. જેઓ ચાલક દળના સભ્ય હતા આ બંને લોકોએ યાદદાસ્ત ગુમાવી દીધી હોય તેમ બંનેને કંઈ યાદ નહોતુ ઉલ્ટુ ડોકટરને પુછ્યુ હતું અમે અહીંયા કેમ છીએ ? અમને કોણ લાવ્યું ?

પ્લેન ક્રેશમાં બચેલા નસીબદાર બે વ્યકિતઓ ચાલક દળના સભ્ય છે. ભયાનક અકસ્માતમાં બચેલ બંને વ્યકિતને સારવાર માટે હોસ્પિટલમાં લાવવામાં આવતા તેમને પ્લેન ક્રેશ બારામાં કંઈ યાદ નહોતું. જયારે બંનેને પુછવામાં આવ્યું તો તેમણે સામો પ્રશ્ન કર્યો હતો. અમને અહીં કોણ લાવ્યું ?



શું થયું ? બંનેને કંઈ યાદ નહોતું અને ભ્રમિત દેખાતા હતા.

ડોકટરોએ જણાવ્યું હતું કે, તેઓ ભ્રમિત હતા એટલે આવી પ્રતિક્રિયા આપી છે. એક વ્યકિત અકસ્માત દરમિયાન પાછળના ભાગમાં યાત્રીઓની મદદ કરી રહી હતી તેનો એક ખભો તૂટી ગયો છે અને માથામાં ગંભીર ઈજા થઈ છે અન્ય વ્યકિતના હાડકા તૂટી ગયા છે.


અત્રે ઉલ્લેખનીય છે કે, દુનિયામાં ગઈકાલે એક જ દિવસમાં પાંચ જેટલા વિમાન અકસ્માતો સર્જાયા હતા જેમાં સૌથી વધુ ભયાનક વિમાની દુર્ઘટના દક્ષિણ કોરીયામાં સર્જાઇ હતી. લેન્ડીંગ વખતે વ્હીલ ન ખુલતા વિમાન ગેટ સાથે ટકરાઇ ગયુ હતું.ત્યારબાદ વિસ્ફોટ પછી અગનગોળામાં લપેટાઇ ગયું હતું

# નાણામંત્રી સમક્ષ આવકવેરામાં રાહત સહિતની અનેક માંગણીઓ મુકાઇ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સામાન્ય બજેટની તૈયારી શરૂ થઈ ગઈ છે. ઉદ્યોગ સંસ્થાઓ અને ઉદ્યોગ નિષ્ણાતો નાણામંત્રીને વિવિધ સૂચનો આપી રહ્યા છે. જેમાં આવકવેરામાં રાહત, ઈંધણ પર ટેક્સ ઘટાડવાના સૂચન સહિતની અનેક માંગણીઓનો સમાવેશ થાય છે. કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (ઈઈઈ) એ નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટેના સામાન્ય બજેટ માટેના સૂચનોમાં ઈંધણ પરની આબકારી જકાત ઘટાડવાનું સૂચન કર્યું છે. ઈન્ડસ્ટ્રી બોડીએ જણાવ્યું હતું કે આ છૂટછાટ વપરાશ વધારવા માટે આપવી જોઈએ, ખાસ કરીને નીચા આવકના સ્તરે, કારણ કે ઈંધણની કિંમતો ફુગાવામાં નોંધપાત્ર વધારો કરે છે. સીઆઈઆઈએ જણાવ્યું હતું કે બજેટમાં વાર્ષિક રૂ. ૨૦ લાખ સુધીની વ્યક્તિગત આવક માટે આવકવેરામાં રાહત આપવા અંગે પણ વિચારણા કરવામાં આવી છે. ઈન્ડસ્ટ્રી બોડીનું કહેવું છે કે ઈન્કમ ટેક્સ ઘટાડવાથી લોકોના હાથમાં પૈસા બચશે, જે માર્કેટમાં માંગ વધારવામાં મદદ કરશે. તેનાથી સરકારની આવકમાં પણ વધારો થશે. ઈન્ડસ્ટ્રી બોડીએ જણાવ્યું હતું કે સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટી પેટ્રોલની છૂટક કિંમતના લગભગ ૨૧ ટકા અને ડીઝલ માટે ૧૮ ટકા છે. મે, ૨૦૨૨ થી, વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં આશરે ૪૦ ટકાના ઘટાડા સાથે આ ટેરિફને સમાયોજિત કરવામાં આવ્યા નથી. ઈંધણ પરની આબકારી જકાત ઘટાડવાથી ફુગાવો ઘટાડવામાં અને નિકાલજોગ આવક વધારવામાં મદદ મળશે. ઇ્ત એ સમયાંતરે અમુક માલસામાન અને સેવાઓની માંગને ઉત્તેજીત કરવા માટે ઓછી આવક ધરાવતા જૂથોને લક્ષ્યાંકિત કરતા વપરાશ વાઉચર્સ રજૂ કરવાનું સૂચન કર્યું હતું. આ ઉપરાંત, સરકારને પીએમ–કિસાન યોજના હેઠળ વાર્ષિક ચૂકવણી ૬,૦૦૦ રૂપિયાથી વધારીને ૮,૦૦૦ રૂપિયા કરવાનું પણ સૂચન કરવામાં આવ્યું છે.

ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્પ્યુટર સોફટવેર એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલ એ ડિઝાઈન લિંકડ ઈન્સેન્ટિવ (કીમને વધુ વ્યાપક અને ઈમ્પેક્ટ ઓરિએન્ટેડ બનાવવા માટે વધુ સુધારાની હિમાયત કરી



છે. ઉદ્યોગ મંડળે નાણા પ્રધાન નિર્મલા સીતારમણ સાથેની તેની તાજેતરની વાતચીત દરમિયાન કેપિટલ ઈન્ટેન્સિવ ઈલેક્ટ્રોનિક્સ હાર્ડવેર સેકટરમાં સંશોધન અને વિકાસ (છઉ) અને નવીનતાને વેગ આપવા ર્ડ્કોત્સાહનોની ભારપૂર્વક હિમાયત કરી છે. ચ્લ્ઙ એ ભારતમાં ય્રઝ ને અનુસરવા અને પેટન્ટ/ડિઝાઈન ફાઈલ કરવા માટે તેમના ટર્નઓવરના ત્રણ ટકાથી વધુ ખર્ચ કરતી ભારતીય કંપનીઓ માટે વધારાની આવકવેરા મુક્તિની પણ માંગ કરી છે.

# રાજસ્થાનના કાશ્મીર ગણાતા માઉન્ટ આબુમાં માઈનસ ચાર ડિગ્રી તાપમાન નોંધાયું

### ગુરુશિખર ઉપર પણ માઇનસ ૬ ડિગ્રી તાપમાન : ચાર દિ'માં એક લાખ પ્રવાસીઓ આબુ પહોંચ્યા

**મુખ્ય સમાચાર,માઉન્ટઆબુ**


પશ્ચિમ ભારતના એકમાત્ર હિલ સ્ટેશન અને રાજસ્થાનના કાશમીર ગણાતા માઉન્ટ આબુમાં એક જ દિવસમાં આઠ ડિગ્રી તાપમાનનો પારો ગગડતાં રવિવારે માઈનસ ચાર ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

જ્યારે ગુરુશીખર પર લઘુતમ તાપમાન માઇનસ છ ડિગ્રી નોંધાયું હતું. ઠંડીનો પારો ગગડતાં માઉન્ટ આબુના વિવિધ મેદાની સ્થળોએ બરફની ચાદર છવાઈ ગઈ હતી.

થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવા મોટી સંખ્યામાં પર્યટકો માઉન્ટ આબુ ઉમટી રહ્યા છે, ત્યારે તાપમાનનો પારો ગગડતાં અહીં આવેલા સહેલાણીઓ પણ આ ફુલગુલાબી ઠંડીની મજા માણી રહ્યા છે.

માઉન્ટ આબુમાં છેલ્લા ૭ દિવસના લઘુતમ તાપમાનની વાત કરીએ તો સોમવારે તાપમાન ૫ ડિગ્રી પર રહ્યું હતું, જ્યારે મંગળવારે અને બુધવારે તાપમાન શૂન્ય ડિગ્રી રહ્યું હતું. પરંતુ ૨૬ અને ૨૭ડિસેમ્બરમે ત્રણ ડિગ્રી જ્યારે શનિવારે ચાર ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

છેલ્લા ત્રણ દિવસથી વાદળછાયું વાતાવરણ હોવાના કારણે તાપમાન પ્લસમાં નોંધાયું હતું પરંતુ વાદળો વિખેરાતાં રવિવારે તાપમાનમાં એક જ દિવસમાં આઠ ડિગ્રી ઘટાડો થતાં રવિવારે માઇનસ ચાર ડિગ્રી તાપમાન નોંધાયું



હતું.

દરમિયાન થર્ટી ફર્સ્ટની ઉજવણીને લઈ માઉન્ટ આબુમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. છેલ્લા ચાર દિવસમાં અહીં એક લાખથી વધુ પ્રવાસીઓ પહોંચ્યા હતા અને મોટી સંખ્યામાં પ્રવાસીઓ માઉન્ટ આબુ પહોંચી આવનારા વર્ષને વધાવવા માટે પહોંચી રહ્યા છે જ્યારે માઉન્ટ આબુની હોટેલોને પણ પર્યટકો માટે સજાવાઈ રહી છે.

# સ્માર્ટ સીટીમાં હવે નાણાકીય કટોકટી અનુભવવાની સાથે તેમાં સુવિધાઓ ફટાફટ બંધ થવા લાગી


**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં ગુજરાત સહિતના રાજયોમાં ૧૦૦ સ્માર્ટ સીટી બનાવવાની મોટી સરકારની યોજના હવે એક વખત આ સ્માર્ટ સીટી બની ગયા બાદ તેના નિયમીત સંચાલન અને સુવિધામાં પુરતુ ભંડોળ નહી ફાળવતા આ સ્માર્ટ સીટી પણ હવે નાણાકીય કટોકટી અનુભવવાની સાથે તેમાં સુવિધાઓ ફટાફટ બંધ થવા લાગી છે.

આ સ્માર્ટ સેન્ટરના સંચાલન માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમની વ્યવસ્થા કરવામાં આવી હતી. વાસ્તવમાં નાણાકીય રીતે આ પ્રોજેકટ વ્યાજબી છે કે કેમ તેની ચકાસણી વગર જ તેનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો હતો પણ સ્થાનિક સ્તરે રાજય સરકાર કે મહાનગરપાલિકામાં આ સ્માર્ટ સીટી માટે પુરતુ ભંડોળ જ ફાળવી શકી નથી.

આ અંગે આઈઆઈટી ખડગપુર દ્વારા એક વ્યાપક અભ્યાસ કરવામાં આવ્યો હતો જેમાં કમાન્ડ–કંટ્રોલ સેન્ટર જે આ સ્માર્ટ સીટીમાં વિવિધ સેવાઓ જાળવી રાખવા માટે મહત્વના પુરવાર થઈ શકે તેમ હતા.

સ્માર્ટ સીટીની માળખાકીય સુવિધાઓ, સંચાલન, નાગરિક સેવાઓ, ટ્રાફીક મેનેજમેન્ટ, સલામતી અને તકેદારી ઉપરાંત કુદરતી સહિતની આફતો સમયે રાહત બચાવ વિ. ભારેખમ જવાબદારીઓમા કમાન્ડ–કંટ્રોલ સેન્ટરને સુપ્રત થઈ છે. પણ આ પ્રકારના કમાન્ડ–કંટ્રોલ રૂમની નાણાકીય હાલત જ હવે મોટી સમસ્યા બની ગઈ છે અને જે સ્માર્ટ સીટી મીશન છે તેની સામે જ



પ્રશ્નો ઉભા થવા લાગ્યા છે.

હાલ આ સ્માર્ટ સીટી માટે જે આવક થાય છે તે સીધી રાજય સરકારના ખાતામાં જમા થાય છે અને તે આ મીશન હેઠળ જે તે સ્માર્ટ સીટીને ફાળવવાની કોઈ ચોકકસ જોગવાઈ નથી. જયારે સ્માર્ટ સીટીને જાળવવા જ મોટો અને રીકરીંગ ખર્ચ જરૂરી છે. આ પ્રકારના પ્રોજેકટને પુરતા અને સમયસર નાણા મળી રહે તે હેતુથી તેને ભંડોળ ફાળવવા આવકની વહેચણી માટે એક મીકેનીઝમની જરૂર છે. ઉપરાંત આ સ્માર્ટ સીટીની સેવા માટે મોબાઈલ એપ્લીકેશન અને વેબ આધારિત પોર્ટલ જરૂરી છે જેનાથી સ્માર્ટ સીટીના નાગરિકો તેમાં જે તે ઓથોરિટી સાથે સીધો સંપર્ક કરી શકે અને ઓથોરીટીમાં તેની માહિતી નાગરિકોને આપી શકે તે જરૂરી છે.

# ૩૧ ડિસેમ્બર ઉજવવા પાંચ દિવસ અનેક સ્થળોએ ભારે ભીડ : હોટલ, ફાર્મહાઉસ હાઉસફુલ

## સોમનાથમાં બે લાખથી વધુ પ્રવાસીઓએ દર્શનનો લાભ લીધો : સ્ટેચ્યુ ઓફ યુનિટીએ અઢી લાખથી વધુ પ્રવાસીઓ ઉમટ્યા


**મુખ્ય સમાચાર,રાજકોટ**

નાતાલ અને ૩૧તિં ડિસેમ્બર ની ઉજવણી કરવા લોકો બહાર ફરવા નીકળી જઈ છે.પાંચ દિવસ અનેક સ્થળોએ ભારે ભીડ જોવા મણે છે ખાસ કરીને દૂર અન્ય રાજ્યો મા પ્રવાસે જવાના પરિવાર અને મિત્રો સાથે જવાના આયોજનો કરાયા છે ત્યારે આવતીકાલે ૩૧ ડિસેમ્બર ની રાતે ભવ્ય ઉજવણી કરી નવા વર્ષ ને આવકારવા આવશે.

નવા વર્ષના પ્રારંભે ગુજરાત બહારના પ્રવાસીઓએ આ મિની વેકેશન ગાળવા સૌરાષ્ટ્ર તરફ પ્રયાણ કર્યુ હોય તેમ દ્વારકા, સોમનાથ અને સાસણગીર સાથે સંઘ પ્રદેશ દીવમાં પ્રવાસીઓનો મોટો પ્રવાહ જોવા મળી રહ્યો છે. ભગવાન સોમનાથ અને દ્વારકાધીશના અલૌકિક દર્શન અને આરતીનો લહાવો લઈ ધન્યતા અનુભવી રહ્યા છે. તો સાથોસાથ નર્મદા જિલ્લામાં આવેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પણ લાખોની સંખ્યામાં પ્રવાસીઓ ઊમટી રહ્યા છે.

સોમનાથ, સાસણગીર, સંઘ પ્રદેશ દીવ જેવા હરવા ફરવાનાં સ્થળો સાથે ધાર્મિક સ્થાનોમાં પ્રવાસીઓનું મિની વેકેશન શરૂ થયું છે. નાતાલથી ૨૯ તારીખ સુધીમાં સોમનાથમાં બે લાખથી વધુ પ્રવાસીઓ ઊમટી પડયા હતા. હોટલ, ફાર્મહાઉસ સહિતનાં સ્થળોએ લોકોની ભીડ જોવા મળી રહી છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરે ભગવાન







ભોળાનાથનાં દર્શન કરવાનું અનેરું મહાત્મ્ય છે. સોમનાથ મંદિર ટ્રસ્ટની હોટેલો સાથે આસપાસની હોટલોના બુકિંગ ફુલ જોવા મળી રહ્યા છે.

સોરઠ પ્રદેશમાં આવેલ દીવ એક અલગ પર્યટન સ્થળ તરીકે વિશ્વવિખ્યાત છે. પાંચ દિવસના મિની વેકેશનમાં શનિ-રવિના દિવસોમાં પ્રવાસીઓ ધસારો જોવા મળ્યો હતો. ત્યારે દીવની તમામ હોટલોના બુકિંગ ફુલ થઈ ગયાં છે. જેના સામાન્ય દિવસો કરતા હોટલના રૂમના ભાડા ડબલ થઈ ગયા છે. ૩૧ ડિસેમ્બરને હવે ગણતરીના કલાકો જ બાકી છે ત્યારે દીવમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત તેમજ દેશભરમાંથી પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઊમટી પડયા છે.

દ્વારકાના પ્રમુખ આકર્ષણ સમાં સ્થળોમાં જગતમંદિરના દર્શન બાદ યાત્રાળુઓએ સુદામા સેતુ, ભડકેશ્વર બીચ, દ્વારકા દર્શનનાં પ્રમુખ સ્થળો પૈકીના નાગેશ્વર જ્યોતિર્લિંગ, ગોપી તળાવ, બેટ દ્વારકાધીશ મંદિર, હનુમાન દાંડી મંદિર, રુક્મિણીજી મંદિર સહિતના પ્રમુખ આકર્ષણ સમા ધાર્મિક સ્થળો તેમજ કુદરતી સૌંદર્ય ધરાવતાં સ્થળોની પણ મુલાકાત લઈ રહ્યા છે.

# મોરબીમાં વ્યાજ વટાવ અને દારૂના ગુનામાં અનેકવાર પકડાયેલ બે આરોપીની પાસા તળે અટકાયત

## મોરબી સીટી એ ડીવિઝન પોલીસ મથકમાં અવાર નવાર વ્યાજ વટાવ તેમજ દારૂના ગુનામાં પકડાયેલ ઈસમોની પાસા તળે અટકાયત કરી જૂનાગઢ અને વડોદરા જેલ હવાલે કરાયા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક તથા નાયબ પોલીસ અધિક્ષક પી.એ.ઝાલાના માર્ગદર્શન હેઠળ શહેરમાં ગેરકાયદેસર વ્યાજ વટાવના ધંધા કરી ગુના આચરતા તેમજ અવાર નવાર દારૂના કેસમા પકડાયેલ અસામાજીક તત્વોની પ્રવૃતીઓને ડામવા સુચના થઈ હોય જે અંતર્ગત સીટી એ ડિવીઝન પોલીસ મથકમાં અવાર નવાર વ્યાજ વટાવના ગુનાઓમા પકડાયેલ અસામાજીક ઈસમ મોહન ઉર્ફે શીવમ ભગવાનજીભાઈ ભુંભરીયા ઉવ.૨૯ રહે.મોરબી-૨ ત્રાજપર ચોકડી પાસે અંબીકા



સોસાયટી તથા દારૂના ગુનામાં અવાર નવાર પકડાયેલ ઈસમ અકરમ મહેબુબશા શાહમદાર ઉવ.૨૨ રહે.મોરબી મકરાણીવાસ મદીના મસ્જીદ પાસે વાળા વિરૂધ મોરબી સીટી એ ડીવીઝન દ્વારા પાસાની પ્રપોઝલ કરવામા આવેલ જે અન્વયે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ અને કલેક્ટર દ્વારા પાસા પ્રપોઝલ મંજુર કરી બંને આરોપીઓના પાસા વોરંટ ઈસ્યુ કરેલ જેથી મોહન ઉર્ફે શિવમને જુનાગઢ જેલ હવાલે તેમજ આરોપી અકરમને વડોદરા જેલ ખાતે પાસા વોરંટની બજવણી કરી મોકલી આપેલ છે.

# જામનગરમાં પત્ની સાથે પહોંચ્યો કિંગ ખાન





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં આજે સાંજે એરપોર્ટ ખાતે બોલિવૂડના કિંગ ખાન શાહરુખ ખાન, પત્ની ગૌરી ખાન અને પુત્ર અબરામ સાથે જામનગર એરપોર્ટ આવી પહોંચ્યા હતા, ત્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ખાન ફેમિલી લક્ઝરી કારના કાફલા સાથે રિલાયન્સ ગ્રીન્સ જવા રવાના થયા હતા. આ પહેલા સલમાન ખાન તેના પરિવાર સાથે આવી પહોંચ્યો હતો અને આ સિવાય રિતેશ દેશમુખ પણ તેની ફેમિલી સાથે અહીં આવી ગયો છે.રિફાઈનરીના ૨૫ વર્ષ અને ધીરૂભાઈના જન્મદિવસની ઉજવણી

જામનગરના એરપોર્ટ પર છેલ્લા ચાર દિવસથી હિન્દી ફિલ્મ કલાકારોનું આગમન થઈ રહ્યું છે. વિશ્વવિખ્યાત જામનગર સ્થિત રિલાયન્સ રિફાઈનરીને ૨૫ વર્ષ પૂર્ણ થતાં છે અને રિલાયન્સના સ્થાપક સ્વ. ધીરૂભાઈ અંબાણીના જન્મદિવસ નિમિત્તે ચાર દિવસીય રંગારંગ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.કિંગ ખાનનું ફેમિલી પણ રિલાયન્સના ઉત્સવમાં સામેલ

અત્યાર સુધીમાં અનેક જાણીતા ફિલ્મ કલાકારો આવી ચૂક્યા છે અને રિલાયન્સ ગયા હતા. શુક્રવારે બોલીવુડના કિંગખાન શાહરુખ ખાન, પત્ની ગૌરી ખાન અને પુત્ર અબરામ જામનગર એરપોર્ટ પર આવ્યા હતા અને રિલાયન્સ તરફ જવા રવાના થયા હતાં. જ્યારે જામનગર એરપોર્ટ પરથી ટીમ ખાન શાહરુખ ખાન વિશાળ લક્ઝરી કાફલા સાથે પરિવાર સાથે રિલાયન્સ ગ્રીન્સ જવા રવાના થયા હતા.

# મોરબીમાં પાટીદાર યુવા સેવા સંઘનું શનાળા ગામમાં સંમેલન યોજાયું

## ઓનલાઇન ગેમિંગ પર પ્રતિબંધ, સ્ટંટબાજી, રોમિયોગીરી, કન્યા છાત્રાલય પાસે કડક પેટ્રોલિંગ, પાટીદાર સમાજના લોકો પર થતી ફરિયાદોમાં યોગ્ય તપાસ જેવી માંગણીઓ વિશે ચર્ચા






**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના શનાળા ગામ ખાતે શ્રી પાટીદાર યુવા સેવા સંઘ દ્વારા આયોજિત સંમેલનમાં પાટીદાર સમાજના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં મનોજ પનારા, પાટીદાર યુવા સેવા સંઘના આગેવાનો દ્વારા સંમેલનમાં સમાજ માટેનાં જુદા જુદા મુદ્દાઓ અને ચિંતાઓ પર પ્રકાશ પાડી કહ્યું કે, નસ્ત્રપાટીદાર સમાજને દૂધ આપતી ગાય સમજીને દોઈ લેનારા હવે ચેતી જજો.સ્ત્રસ્ત્ર સાથે તેમણે જણાવ્યું કે, નસ્ત્રમારા સમાજ માટે જરૂર પડે તો હું રાજકારણ પણ છોડી દઈશ. આ સંમેલનમાં મુખ્ય મુદ્દાઓ અને ઠરાવની વાત કરીએ તો સંમેલનમાં માંગણીઓ સાથે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો જેમાં મુખ્ય પ્રશ્નોમાં ગુજરાતમાં ઓનલાઇન ગેમિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવો, મોરબીમાં સ્ટંટબાજી અને કન્યા છાત્રાલય નજીક રોમિયોગીરી અટકાવવા કડક પેટ્રોલિંગ, પાટીદાર સમાજના લોકો સામે થતી ફરિયાદોમાં નિષ્પક્ષ તપાસ અને યોગ્ય કાર્યવાહી, સમાજના યુવાનોને ઓનલાઇન ગેમિંગ જેવી પ્રવૃત્તિઓમાંથી બચાવવા તાત્કાલિક પગલાંઓ અંગે તેમજ સમાજમાં અન્ય પણ ઘણા દુષણો જે ઘુસી ગયા છે તેને જડમુળથી બહાર કાઢવા અંગે પણ ચર્ચાઓ કરવામાં આવી હતી. પાટીદાર યુવા સેવા સંઘના મનોજ પનારા દ્વારા મીડિયા સાથેની વાતચીતમાં તેઓએ જણાવ્યું કે, નસ્ત્રશ્રી પાટીદાર યુવા સેવા સંઘ કોઈ એક જ્ઞાતિ કે ધર્મ માટે નહીં પરંતુ દરેક જ્ઞાતિ અને ધર્મની બહેન-દીકરીઓની સુરક્ષા માટે કાર્યરત છે.સ્ત્રસ્ત્ર તેઓએ ભારપૂર્વક કહ્યું કે ઓનલાઇન ગેમિંગના નકારાત્મક પરિણામો ખાસ કરીને યુવાનો માટે નુકસાનકારક છે. નસ્ત્રઆ ગેમિંગના રૂપિયાઓ દુશ્મન દેશોમાં પહોંચી રહ્યા છે, જે આપણા યુવાધનને બરબાદ કરી રહ્યાં છે.સ્ત્રસ્ત્ર આ સિવાય મનોજ પનારાએ કહ્યું કે તેઓ ગાંધી ચીંધીયા માર્ગે અને કાયદાની હદમાં રહી દરેક દુષણો સામે આંદોલન કરી તંત્રનું ધ્યાન દોરશે. સંમેલન દરમિયાન શ્રી પાટીદાર યુવા સેવા સંઘે તમામ માંગણીઓ સરકાર સમક્ષ રજુ કરી તે માટે તાત્કાલિક અમલવારીના પ્રયાસો શરૂ કરશે તેમ જણાવવામાં આવ્યું હતું.

# મોરબીના શ્રધ્ધા પાર્ક સોસાયટી ખાતે પડતર મકાનમાંથી વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી લેતી એલસીબી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના નવલખી રોડ ઉપર આવેલ શ્રધ્ધા પાર્ક સોસાયટીમાં મોરબી ક્રાઈમ બ્રાન્ચ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે રેઈડ કરી હતી. જેમાં આરોપીએ પોતાના રહેણાંકની બાજુમાં આવેલ પડતર મકાનમાં વિદેશી દારૂનો જથ્થો ઉતારેલ હોય ત્યારે એલસીબી ટીમે પડતર મકાનમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી ૭૩૪ બોટલ ઝડપી લેવામાં આવી હતી, આ સાથે આરોપી અંકિત રાઠોડ અન્ય પ્રોહી.ના ગુનાના તાલુકા પોલીસ મથકમાં પોલીસ કસ્ટડીમાં હોય ત્યારે વધુ એક પ્રોહી.એક્ટ હેઠળ આરોપી વિરુદ્ધ ગુનો નોંધાવી એલસીબી પોલીસે આગળની તપાસ શરૂ કરી છે. મોરબી એલસીબી પોલીસે પૂર્વ બાતમીને આધારે તાલુકા પોલીસ મથકમાં પોલીસ કસ્ટડીમાં રહેલ આરોપી અંકિત અરુણભાઈ રાઠોડના નવલખી રોડ શ્રધ્ધા પાર્ક સોસાયટી સ્થિત રહેણાંકની બાજુમાં આવેલ બંધ પડતર મકાનમાં દરોડો પાડ્યો હતો, જ્યાં સ્થળ ઉપરથી એલસીબી પોલીસે વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની નાની-મોટી ૭૩૪ નંગ બોટલ કિ.રૂ.૧,૫૫,૬૦૮/- નો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આરોપી અંકિત અરુણભાઈ રાઠોડની બે દિવસ પૂર્વે એલસીબી પોલીસે ધરમપુર ગામના નાલા પાસેથી અલ્ટો કારમાં વિદેશી દારૂ સાથે બે આરોપીઓની અટકાયત કરી તાલુકા પોલીસ મથકમાં સોંપી આપેલ હોય જેથી હાલ એલસીબી પોલીસે આરોપી અંકિત અરુણભાઈ રાઠોડ ઉવ.૩૪ રહે.નવલખી રોડ શ્રધ્ધા પાર્ક શેરી નં.૪ વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઉના પોલીસે બૂટલેગરના દારૂ પર પાણી ફેરવ્યું

## બાઈકમાં આગળની હેડલાઇટની નીચેના ભાગે અને ડેકીમાં ભરેલી ૪૮ બોટલ સાથે શખ્સને ઝડપ્યો

**મુખ્ય સમાચાર, ઉના**

અહેવાલ ;- અબ્દુલ પઠાણ ઊના

ઉનાના ભાડાસી ગામના પાટીયા પાસેથી બાઈકમાં ચોરખાનું બનાવી દારૂની ખેપ મારતાં બુટલેગરને ઉના પોલીસે ઝડપી પાડી કાર્યવાહી કરી હતી. આ દારૂનો જથ્થો આપનાર અને દારૂ મંગાવનારને ઝડપી પાડવા પોલીસે તપાસ હાથ ધરી હતી.

૩૧ ડિસેમ્બરને હવે ગણતરીના કલાકો જ બાકી છે. ત્યારે બૂટલેગરો કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાંથી ગુજરાતમાં દારૂ ઘુસાડવા અવનવા કીમિયાઓ અપનાવતા હોય છે, પરંતુ આવા કિમિયાઓ પોલીસ પાસે નિષ્ફળ જતા હોય છે. ઉના નજીક આવેલ કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાંથી દારૂ ભરેલી બાઇક પસાર થવાનું હોવાની ઉના પોલીસને જાણ થતાં ઉના પોલીસ મથકના પો.ઈન્સ.



મહેન્દ્રસિંહ રાણાની સુચના મુજબ પો.સબ.ઈન્સ.આર.પી.જાદવ અને તેમની ટીમ સહિતનાઓએ ઉનાના ભાડાસી ગામના પાટીયા પાસે વાહન ચેકીંગ કામગીરી હાથ ધર્યું હતું.

દીવના વણાકબારા, તડ થઈ ભાડાસી તરફ આવી રહેલી બાતમીવાળી જીજે ૩૨ એએફ ૧૦૨૬ નંબરની બાઈકને રોકાવી પોલીસે તપાસ હાથ ધરતાં બાઈકમાં આગળની હેડ લાઈટની નીચેના ભાગે બનાવેલું ચોર ખાનું અને ડેકીમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ ૪૮ જેની કિ.૨૪૦૦, એક મોબાઈલ ફોન જેની કિં.૩ હજાર અને બાઈકની કિં.૪૦ હજાર મળી કુલ ૪૫ હજાર ૪૦૦ના મુદ્દામાલ સાથે જગદીશ હમીરભાઈ બાંભણિયા (રહે. સિલોજ તા.ઉના)ને પોલીસે ઝડપી લીધો હતો.

દીવમાંથી દારૂનો જથ્થો પૂરો પાડનાર રોહિત મોહનભાઈ વાજા (રહે ભિંગરણ તા.ઉના) અને પકડાયેલો દારૂનો જથ્થો મંગવનાર રામજી દેગણભાઈ બાંભણિયા (રહે.સિલોજ તા.ઉના) મળી કુલ ૩ બુટલેગર વિરૂદ્ધ ઉના પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જામનગર નવાગામ ઘેડમાં યુવકને બે શખ્સે માર માર્યો

જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલા હનુમાન ચોકમાં રહેતા રોહિત સુભાષભાઈ મેરાણી નામના યુવાનના મોટાબાપુ પ્રેમજીભાઈ ને ટીંબાફળીમાં નરેન્દ્રસિંહ રાયજાદા ઉર્ફે ગોટલી નામનો શખ્સ ગાળો ભાંડતો હતો.ત્યાં જઈ રોહિતે ગાળો બોલવાની ના પાડતા ગોટલી તથા એક અજાણ્યા શખ્સે ધોકા વડે હુમલો કરી રોહિતને માર માર્યો હતો. બંને સામે સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી છે.

# પ્રેમલગ્નનો ખાર રાખી યુવાનની માતા પર ધ્રોલના મહિલાએ ધોકાથી કર્યો હલ્લાબોલ

જામનગર ધ્રોલ શહેરના ખારવા રોડ પર શ્રીરામ પાર્કમાં રહેતા જાનવીબેન હેમાંગભાઈ દવે નામના મહિલાના પુત્રએ ધ્રોલના જ એક યુવતી સાથે બે મહિના પહેલાં પ્રેમલગ્ન કર્યા હતા. તેનો ખાર રાખી ગયા તેમના ઘરે ધસી આવેલા ગીતાબેન ધર્મેન્દ્રભાઈ આશા નામના મહિલાએ ઝઘડો કરી ગાળો ભાંડવા ઉપરાંત પોતાની પાસે રહેલા બેઝબોલના ધોકાથી બારીનો કાચ ફોડી નાખવા ઉપરાંત મોટરસાયકલની ટાંકીમાં ધોકાના ફટકા માર્યા હતા અને જાનવીબેનને પણ ધોકો માર્યો હતો. ધ્રોલ પોલીસે તે મહિલા સામે ગુન્હો નોંધ્યો હતો.

# જૂનાગઢમાં લગ્નની લાલચ આપીને યુવતી સાથે વારંવાર દુષ્કર્મ આચર્યુ

## ન્યુડ વિડીયો ફોટો વાયરલ કરવાની ધમકી આપી હતી

જૂનાગઢમાં કન્યા છાત્રાલયમાં રહેતી ૨૮ વર્ષીય એક યુવતીને ૨૨ વર્ષીય યુવકે લગ્નની લાલચ આપીને પ્રેમજાળમાં ફસાવી સાતેક દિવસ સુધી અવાર નવાર શારીરિક સબંધ બાંધીને દુષ્કર્મ આચરી બાદમાં લગ્ન કરવાની ના પાડતા યુવતીએ પોલીસમાં ફરિયાદ નોધાવી છે. માણાવદર પંથકની ૨૮ વર્ષીય યુવતી જૂનાગઢના સરદારબાગ પાસે કન્યા છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી હતી, ત્યારે તેની બાજુમાં રહેતો કેયુર પ્રતાપ સોસા નામના ૨૨ વર્ષીય શખ્સે પરિચય કેળવીને લગ્ન કરવાની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી બાદમાં વિડીયોકોલથી ઉતારેલા ન્યુડ ફોટો અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપીને યુવતીને પોતાના ઘરે સાતેક દિવસ સુધી બોલાવીને અવાર નવાર દુષ્કર્મ આચરીને બાદમાં લગ્ન કરવાની ના પાડી દીધી અને વારંવાર શરીર સબંધ બાંધવાની વાત કરતા અંતે યુવતીએ કંટાળીને સી ડિવીઝન પોલીસમાં ફરિયાદ કરતા આગળની તપાસ મહિલા પોલીસને સોપવામાં આવી છે.

# ચોટીલાના વેપારીને ભાગીદાર બનાવવાનું કહી રૂપિયા ૮૦ લાખની ઠગાઈ

## ભાગીદાર બન્યા બાદ નફો-નુકસાનના પૈસા ન મળતા સત્ય સામે આવ્યું

સુરેન્દ્રનગર જિલ્લાના યાત્રાધામ ચોટીલામાં રહેતા વેપારીને બે ભાઈઓએ સીરામીક એકમમાં બેટકાની ભાગીદારીની લાલચ આપી રૂપિયા ૮૦ લાખ પડાવી લીધા હતા. બનાવની ચોટીલા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. એથી પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ચોટીલાની મધુવન સોસાયટીમાં આવેલ તનિષ્ક એપાર્ટમેન્ટમાં જીતેન્દ્રભાઈ લાલદાસભાઈ કરથીયા રહે છે. જેઓ વેપાર કરે છે. તેઓ અગાઉ અમૃતનગર સોસાયટીમાં રહેતા હતા. જયાં તેમના પડોશી મહેશભાઈ લાભશંકરભાઈ શીલુ હતા. અને બન્ને વચ્ચે સારા સંબંધો હતા. મહેશભાઈના ભાઈ સુરેશભાઈ શીલુ રાજકોટ રહેતા હોઈ અવારનવાર ચોટીલા આવતા જીતેન્દ્રભાઈ સાથે પણ સંબંધો બંધાયા હતા. બન્ને ભાઈઓએ વાંકાનેર આવેલ મીરેકલ સીરામીકમાં ૩ ટકાના ભાગીદાર હોવાનું કહી જીતેન્દ્રભાઈને રૂ. ૮૦ લાખ આપી બે ટકાના ભાગીદાર થવા ઓફર કરી હતી. જેમાં ૧૩-૧-૨૦૧૫ના રોજ સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરીને જીતેન્દ્રભાઈ રૂ. ૮૦ લાખ આપી ભાગીદાર તરીકે જોડાયા હતા. પરંતુ બન્ને ભાઈઓ ભાગીદારના નફો-નુકશાનના પૈસા આપતા ન હતા. આ બાબતે વર્ષ ૨૦૧૯માં બોલાચાલી પણ થઈ હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં આ સીરામીકનું કારખાનુ બંધ થઈ ગયુ હતુ. જયારે જીતેન્દ્રભાઈને જાણવા મળ્યુ કે, બન્ને ભાઈઓ વર્ષ ૨૦૧૧માં ભાગીદાર તરીકે જોડાયા હતા અને તા. ૧૪-૬-૨૦૧૪ના રોજ ભાગીદારીમાંથી છુટા થઈ ગયા હતા. ત્યારે ભાગીદારીમાંથી છુટા થઈ ગયા હોવા છતાં બાદમાં જીતેન્દ્રભાઈને ભાગીદાર બનાવવાની લાલચ આપી રૂ. ૮૦ લાખની છેતરપિંડી આચર્યાની ચોટીલા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

# મોરબીમાં બિલ્ડીંગની સીડી પરથી પડી જતા ૩ વર્ષના બાળકનું મોત

## વાંકાનેરના લાલપર ગામે લોખંડનું પીંજરૂ અડી જતા વીજશોકથી એકનું મોત

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેર સહિત જીલ્લામાં અલગ અલગ ત્રણ અપમૃત્યુના બનાવમાં ૩ વર્ષીય બાળક સહિત ત્રણ વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યા હતા, જે અપમૃત્યુના બનાવમાં પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી છે.

પ્રથમ અપમૃત્યુના બનાવમાં મોરબી શનાળા રોડ જીઆઈડીસીમાં મહેશ વેક્રિયાની ઓફીસ સામે નવી બનતી બિલ્ડીંગની સીડી ઉપરથી રમતા રમતા નીચે પડી ગયેલા ૩ વર્ષીય દિપેશભાઈ વિષ્ણુભાઈ વિશ્વકર્મા રહે. અવની ચોકડી શ્યામ પાર્કવાળા માસુમ બાળકને સારવાર અર્થે પ્રથમ મોરબીની ખાનગી છેી ત્યાંથી રાજકોટ દોશી ખસેડવામાં આવતા જ્યાં ચાલુ સારવારમાં ૩ વર્ષીય બાળકનું મૃત્યુ નીપજ્યું હતું.

જ્યારે અપમૃત્યુના બીજા બનાવમાં વાંકાનેર તાલુકાના લાલપર ગામની સીમમા હશનભાઈ જલાલભાઈ શેરસીયાના પ્લોટમા બાંધકામ ચાલતું હોય ત્યારે ભારતભાઈ દિલીપભાઈ ભુરીયા તથા ગોલુભાઈ પ્રતાપભાઈ ડાભી બંને પીલર ભરવા માટેનુ લોખંડનું પીંજરૂ દિવાલ ઉપર બેસી ફીટ કરતા હતા ત્યારે ઉપર ધ્યાન ન રહેતા સાઈડમાંથી પસાર થતી ઈલેક્ટ્રીક લાઈનમા લોખંડનુ પીંજરૂ અડી જતા બંનેને ઈલેક્ટ્રીક શોર્ટ લાગતા ભારતભાઈ દિલીપભાઈ ભુરીયા ઉવ.૨૫ રહે હાલ લાલપર ગામની સીમમા હશનભાઈ જલાલભાઈ શેરસીયાના પ્લોટમા ઉમીયા હળની સામે તા.વાંકાનેર મુળ ગામ રામપુરીયા વોર્ડ નં.૦૮ તા.પેટલાદ જી.જાંબુઆ મધ્યપ્રદેશવાળાને વાંકાનેર સરકારી હોસ્પિટલમાં સારવારમા લઈ જતા ડોક્ટરે જોઈ તપાસી મરણ ગયેલનું જાહેર કરતા વાંકાનેર સીટી પોલીસે અ.મોતની નોંધ કરી છે.

અપમૃત્યુના ત્રીજા બનાવમાં મકનસર ગોકુલનગરમાં રહેતા દિપકભાઈ ખોડાભાઈ સચાણીયા ઉવ.૫૦ ગઈકાલ તા.૨૮/૧૨ના રોજ રફાળેશ્વર જી.આઈ.ડી.સી સામે ઈંટુના ભઠામાં કામ કરતાં હતા ત્યારે ડી.સી માં પગ આવી જતાં દીપકભાઈનો ડાબો પગ આખો કસ થતાં ગંભીર ઈજા થતાં તેઓને સારવાર અર્થે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે દીપકભાઈને મૃત જાહેર કર્યા હતા, ત્યારે સમગ્ર મૃત્યુના બનાવ મામલે તાલુકા પોલીસે અ. મોત રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

# ઉના દેલવાડા રોડ પર બે બાઈક સામસામે અથડાતા અકસ્માત, એકની હાલત ગંભીર



અહેવાલ :- અબ્દુલ પઠાણ ઊના

ઊનાનાં દેલવાડા રોડ ઉપર મોડીરાત્રે બે બાઈક ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો જેમાં એક બાઈક ચાલક ની હાલ ગંભીર હોવાથી તાત્કાલિક એમરજનશી ૧૦૮ મારફતે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડયો છે નવાં વર્ષ નો પ્રારંભ થાય તે પહેલાં દેલવાડા ઊના રોડ ઉપર અકસ્માત નો સીલસીલો શરૂ થયો હોવાનું જોવા મળ્યું છે દેલવાડા રોડ પર આવેલ કોલેજ થી દુર હોટલ નજીક બે બાઈક સામસામે અથડાતાં નિલેશભાઈ વાધેલા ઉવ ૨૧ રે દેલવાડા તેમજ હીરાભાઈ ખટાણા ઉવ ૨૪ રે કોડીનાર છારા ને હાથપગ અને માથાં માં ગંભીર ઈજા થતાં તાત્કાલિક લોકો નાં ટોળા ઉમટ્યા હતા અને ઈમરજન્સી ૧૦૮ ને જાણ કરાતાં ૧૦૮ એમ બંને ઍમ્બુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી ગંભીર રીતે ઈજાગ્રસ્ત બંને યુવાનોને ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# ૨૧ કિમીની હાફ મેરેથોન અને ૧૦ કિમીની ડ્રીમ રનમાં ૫,૮૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો

## ઠંડી વચ્ચે નાઈટ મેરેથોનમાં દોડવીરોએ દોડ લગાવીઃ પ્રથમ વિજેતાને રૂ.૭૫,૦૦૦નું પુરસ્કાર એનાયત






(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટમાં આશરે દોઢેક વર્ષ બાદ ફરી એકવાર નાઈટ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. મનપા તેમજ પોલીસનાં સહયોગથી શનિવારે રાત્રિના સમયે શહેરના રેસકોર્સ મેદાન ખાતે ૨૧ કિમી હાફ મેરેથોન અને ૧૦ કિમીની ડ્રિમરનનું આયોજન રાજકોટ રનર્સ એસો. અને રોટરી કલ્બ ઓફ રાજકોટ ગ્રેટર દ્વારા કરવામાં આવ્યું હતું.આ મેરેથોન દ્વારા ડ્રગસના સેવન વિરુદ્ધ જાગૃતિ લાવવી, ઓનલાઈન ફ્રોડથી બચવુ, ટ્રાફિક નિયમોના પાલન અને વૃક્ષોનું જતન તેમજ શહેરની સ્વચ્છતા મામલે વધુમાં વધુ લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ આયોજનમાં કુલ ૫૮૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ૨૧ કિલોમીટર માટે ૧૮૦૦ અને ૧૦ કિલોમીટર માટે ૪૦૦૦ જેટલા સ્પર્ધકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જે તમામને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા છે. જ્યારે પ્રથમ વિજેતાને રૂ.૭૫,૦૦૦નું રોકડ પુરષ્કાર એનાયત કરવામાં આવ્યું હતું. રાજકોટ શહેરમાં આજે બીજી વખત યુવાધનને સ્વાસ્થ્ય અને હેલધી લાઈફ સ્ટાઈલ પ્રત્યે જાગૃત કરવા, તેમજ ડ્રગ્સનાં સેવનથી દૂર રાખવા ઉપરાંત સમાજીક અને પર્યાવરણ સંરક્ષણની બાબતો અંગે પ્રોત્સાહીત કરવાના ઉદ્દેશ સાથે રાજકોટમાં નાઈટ હાફ મેરેથોન ૨.૦નું ભવ્ય આયોજન રાજકોટ મહાનગરપાલિકા અને શહેર પોલીસના સહયોગથી કરવામાં આવ્યું હતું.આ મેરેથોનમાં ગુજરાત ઉપરાંત હરિયાણા, દિલ્હી, મુંબઈ, કેરળ સહિતના રાજ્યોમાંથી દોડવીરોએ ભાગ લીધો હતો. ૨૧ કિમીની હાફ મેરેથોન અને ૧૦ કિમી ડ્રીમરન એમ બે કેટેગરીમાં દોડવીરો ભાગ લીધો હતી. જેમાં પ્રથમ વિજેતાને રૂ. ૭૫,૦૦૦નું રોકડ ઈનામ સહિત વિજેતાઓને કુલ રૂ. ૧૩ લાખથી વધુના ઈનામો અને દરેકને પ્રોત્સાહન રૂપે મેડલ આપવામાં આવ્યા હતા. આ મેરેથોન માટે કોર્પોરેશન દ્વારા ગ્રાઉન્ડ સહિતની સુવિધા આપવામાં આવી છે. જ્યારે શહેર પોલીસ દ્વારા સુરક્ષાને લગતી તમામ વ્યવસ્થામાં મદદ કરવામાં આવી હતી. રાજકોટ રનર્સ ગ્રુપ અને રોટરી ક્લબ ઓફ રાજકોટ દ્વારા ૨૧ કિલોમીટર અને ૧૦ કિલોમીટરની નાઈટ હાફ મેરેથોન ૨.૦નું આયોજન કરવામાં આવ્યું છે. આજની આ હાફ મેરેથોનની અંદર ૧૮૦૦ જેટલા લોકોએ ૨૧ કિલોમીટરની દોડ માટે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું, જ્યારે ૪૦૦૦ જેટલા લોકોએ ૧૦ કિલોમીટર દોડ માટે રજિસ્ટ્રેશન કરાવેલ હતું.આમ કુલ ૫૮૦૦થી વધુ લોકોએ આ નાઈટ હાફ મેરેથોન ૨.૦માં લાભ લીધો હતો.આજના આ આયોજનમાં જેટલા પણ સ્પર્ધકોએ ભાગ લીધો છે. તેમને મેડલ આપવામાં આવ્યા હતા અને રનિંગ પૂર્ણ કર્યા બાદ ફડ પણ આપવામાં આવ્યું હતું. આ નાઈટ હાફ મેરેથોનમાં પ્રથમ ક્રમાંક પર વિજેતા ઉમેદવારને રોકડ રૂપિયા ૭૫,૦૦૦નું ઈનામ પણ સાથે આપવામાં આવનાર છે.

# નલિયા - રાજકોટ - ડિસા - ભુજમાં તિવ્ર ઠંડી યથાવત : અન્ય સ્થળોએ આંશિક રાહત

## ડિસા – નલિયા સિંગલ ડિઝીટમાં : ભુજ – ગાંધીનગરમાં ૧૦ અને રાજકોટમાં ૧૧ ડિગ્રી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત રાજયમાં ગઈકાલ સુધી કડકડતી ઠંડી બાદ ૨૪ કલાકમાં અનેક સ્થળોએ તાપમાન ૨ થી ૫ ડિગ્રી ઉપર ચડી જતા આજરોજ ઠંડીમાં આંશિક રાહત રહેવા પામી હતી. જોકે નલિયા, રાજકોટ, ભુજ, ગાંધીનગર અને ડિસામાં તિવ્ર ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.

આજરોજ સવારે નલિયામાં ૬.૫, રાજકોટમાં ૧૧, ગાંધીનગરમાં ૧૦.૬, ભુજમાં ૧૦.૮ અને ડિસામાં ૯.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. તેમજ આજે સવારે અમદાવાદ ખાતે ૧૩.૭, અમરેલીમાં ૧૪.૨, વડોદરામાં ૧૬.૨, ભાવનગરમાં ૧૫.૫, દિવમાં ૧૫.૮, દ્વારકામાં ૧૬.૩, કંડલામાં ૧૩, ઓખામાં ૧૭.૬ અને પોરબંદરમાં ૧૪.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

ઉપરાંત જામનગરમાં કોલ્ડવે જેવી સ્થિતિ આજે રહી હતી રવિવારે લઘુતમ તાપમાન નો પારો ૧૩ ડિગ્રી પહોંચ્યા બાદ આજે સવારે તેમાં એક ડિગ્રીના વધારા સાથે લઘુત્તમ તાપમાન ૧૪. ૨૦ ડિગ્રીએ પહોંચ્યું હતું જો કે ઠડીનું જોર યથાવત રહ્યું હતું. સાથે સાથે મહત્તમ તાપમાન નો પારો ૨૪.૫ નોંધાયો હતો ત્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૨ ટકા અને પવનની પ્રતિકલાક ૬.૪ કિમી નોંધાય હતી.

છેલ્લા ૨૪ કલાકમાં જ પવનની ગતિમાં ત્રણ કિલોમીટરનો ઘટાડો થયો હતો તો કે ઠંડીનું પ્રમાણ સતત વધતું હોય તેવો અનુભવ શહેરીજનો કરી રહ્યા હતા. ઠંડીને કારણે રસ્તાઓ ઉપર કુદરતી કર્ફ્યુ જેવું વાતાવરણ સર્જાયું હતું ઠડીની અસર જનજીવન ઉપર પડી હતી અને લોકોએ આ કળ કકળતી ઠંડી માંથી બચવા ગરમ વસ્ત્રોનો સહારો લીધો હતો અને બજારો સુમસામ જોવા મળી હતી. સવારે નવ વાગ્યે પણ લોકો ગરમ તાપણા તાપતા નજરે પડતા હતા.હાલમાં ગુજરાત પર ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન આવી રહ્યા છે જેની દિશા બદલાઈને આગામી બે દિવસમાં પૂર્વ તરફથી થવાની હોવાથી તાપમાનમાં સામાન્ય વધારો નોંધાઈ શકે છે. પરંતુ તેમ છતાં પવનની ગતિ ૫થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે રહેવાથી ઠંડી અનુભવાય શકે છે. ઉલ્લેખનીય છે કે વેસ્ટન ડિસ્ટર્બન્સની અસરો હટી જતા વાતાવરણમાં ધુમ્મસનું પ્રમાણ પણ ઓછું થયું છે.



પરંતુ ગતરોજ (૨૯ ડિસેમ્બર)થી ઉત્તર અને મધ્ય ગુજરાતના ભાગોમાં ઠંડા પવનના કારણે દિવસ દરમિયાન મહતમ તાપમાન સામાન્ય કરતાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ નીચું રહ્યું હતું.

# ઠંડીનો પારો ઉંચકાતા શાકભાજીના ભાવ ૨૦૦ સુધી ગગડ્યા

મુખ્ય સમાચાર,રાજકોટ

શિયાળાની સિઝન જામી છે ઠંડીનો પારો સતત વધી રહ્યો છે. ઠંડી વધવાના કારણે લીલોતરી શાકભાજી પણ માર્કેટમાં ઠોકબંધઆવી રહી છે. રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં લીલા શાકભાજીની આવક આવતા ભાવમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. ઠંડીનો પારોસતત ઉંચકાઈ રહ્યો છે. જ્યારે શાકભાજીના ભાવ રૂા. ૨૦૦ સુધી ગગડી ગયા છે. પખવાડિયામાં જ લીલુ લસણ ૧૨૦૦ રૂપિયા વટણા, ૩૦૦ રૂપિયા, રિંગણા ૧૨૦ રૂપિયા, ફ્લાવર ૧૮૦ રૂપિયા અને મેથી રૂા. ૧૫૦ જેટલી સસતી થઈ છે. યાર્ડમાં ભાવમાં ઘટાડો આવતા સ્થાનિક બજારોમાં પણ ભાવ ઘટતા ગૃહણીઓમાં રાહત જોવા મળી રહી છે. શિયાળાની સિઝનમાં લીલોતરી શાકભાજીની પુષ્કળ પ્રમાણમાં આવક થતી હોય છે. શિયાળામાં લગ્નની સિઝન વધારે હોવાથી શાકભાજીનો ઉપાડ પણ બહોળા પ્રમાણમાં થતો હોય છે.

પખવાડિયા પહેલા યાર્ડમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા હતાં. માત્ર રિંગણા જ રૂા. ૫ના કિલો મળી રહ્યા હતાં. જ્યારે અન્ય શાકભાજીના ભાવ ગૃહીણીઓને રડાવી રહ્યા હતાં. જ્યારે પખવાડિયાની અંદરમાં જ ઠંડીનો ચમકારો વધતા શાકભાજીની આવક પણ મબલખ થઈ હતી. જેના કારણે હાલ યાર્ડમાં સાવ સસ્તુ શાકભાજી વહેંચાઈ રહ્યું છે.

જ્યારે ડુંગળીના આજે મણના ભાવ ૪૦૦, ટમેટાના એક મણના ભાવ ૪૦૦, ભીંડાના મણના ભાવ ૧૦૦૦, ગુવાર ૧૪૦૦ની મણ, રીંગણાના ૧૨૦, સરગવો ૨૪૪૦, લીલી ડુંગણી ૩૦૦ની મણ, વટાણા ૯૦૦ના મણ, વાલ ૬૦૦ના મણ, બટેટા ૫૫૦ના મણ, ફ્લાવર ૧૨૦નું મણ અને મેથી ૨૫૦ની મણ વેચાઈ રહી છે. યાર્ડમાં હાલ સતત શાકભાજીની આવક આવતા શેડમાં મબલખ શાકભાજી જોવા મળી રહ્યું છે.સ્થાનિક બજારમાં જોઈએ તો કોથમરી, પાલકની પણ મબલખ આવક થઈ રહી છે. સ્થાનિક બજારમાં લીંબુનો કિલોનો ભાવ ૫૦ થી ૫૫, બટેટા રૂા. ૩૦-૪૦, સુકી ડુંગળી રૂા. ૨૦-૩૦, ટમેટા ૨૫-૩૦ રૂપિયા, કોથમરી ૨૦ રૂપિયા, રિંગણા રૂા. ૧૦-૧૫, ભીંડો રૂપિયા ૫૦, ગુવાર ૭૦થી ૮૦, ચોળાસીંગ રૂા. ૪૦, વાલોળ ૨૦થી ૨૫, લીલી ડુંગળી રૂા. ૧૫, આદુ રૂા. ૪૦-૪૫ અને લીલા મરચા ૩૦-૩૫ રૂપિયાના કિલોએ વહેંચાઈ રહ્યા છે. સ્થાનિક બજારમાં શાકભાજીની આવક થતાં અને ભાવમાં પણ ઘટાડો જોવા મળતા ગૃહીણીઓના બજેટને પણ રાહત મળી છે.

# મુંબઈ ખાતે કચ્છી મહેશ્વરી મહિલા સ્નેહ મિલન યોજાયું




**મુખ્ય સમાચાર,મુંબઈ**

તારીખ ૨૬ ડિસેમ્બર નાં રોજ મુંબઈ ખાતે કચ્છી મહેશ્વરી મહિલા સ્નેહ મિલન નો આયોજન કરવામાં આવ્યું જેમાં મહારાષ્ટ્ર નાં વિવિધ વિસ્તારો માં વસતા મૂળ કચ્છી મહેશ્વરી સમાજ ની મહિલાઓ એ ભાગ લીધો. એડવોકેટ કાંતા બેન મહેશ્વરી નાં અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજવા મા આવ્યો જેમાં બારમતી પંથ નાં સ્થાપક તથા મહેશ્વરી સમાજ નાં ઉદ્ધારક તથા આરાધ્ય શ્રી ધણીમાતંગ દેવ ને વંદન કરી કાર્યક્રમ ની શુરુઆત કરવાં માં આવી.દીપ પ્રાગટ્ય ઉમા બેન રોશિયા.લક્ષ્મીબેન ધોળિયા.વસંતબેન બલિયા. દેવિબેન રોશિયાં.તારાબેન મહેશ્વરી એ કર્યો.

મુંબઈ ફર્સ્ટ બિઝનેસ વુમન સુનિતા રોસિયા. વોડાફોન આસિસ્ટન્ટ મેનેજર રેખા બળિયા.વાઈસ પ્રેસિડેન્ટ ઓફ બેંક રોમા કનનર.સાઈકોલોજી સ્ટુડન્ટ વિદ્યા ફફલ દ્વારા માનસિક તણાવ વિશે મહીલાઓ ને માહિતીગાર કરવા માં આવ્યાં તથા અન્ય શિક્ષિત મહિલાઓ તથા શિક્ષિત યુવતીઓ હાજર રહ્યા હતાં જેમનો સન્માન કરવા માં આવ્યો

કાર્યક્રમ નાં વક્તા રેખા બળિયા. સંચાલન ગીતા ચંદે કાંતાબેન પશતરિયા તથા ખાસ સલાહકાર સમિતિ માં સમસ્ત મુંબઈ મહેશ્વરી મહિલાઓ તરીકે હાજર રહ્યા હતા જેમાં પારિવારિક. સામાજીક.ધાર્મિક.તેમ જ શૈક્ષણિક બાબતો પર ચર્ચા વિચારણા કરવામાં આવી બારમતી પંથ નાં અનુયાયી કચ્છી મહેશ્વરી સમાજ માં મહિલા સ્નેહ મિલન ને આવકારી લેવા માં આવ્યો જેમાં ખૂબ જ બહોળી સંખ્યા માં શિક્ષિત મહિલાઓ એ ભાગ લીધો હતો. જેમાં સૌ જાગૃત મહિલાઓએ ખુદ ખુદ નાં વિચારો રજૂ કર્યા હતા જેમાં અનેક નિર્ણયો લેવાયા જેમાં ખાસ કરીને નસ્ત્રદસોંધસ્ત્રસ્ત્ર જમાં કરવું જે સારા કાર્ય પાછળ ઉપયોગ કરવો. અમુક રૂઢીવાદી વિચારો નો ત્યાગ કરવું.બારમતી પ્રત્યે જાગૃત થવું ખોટાં તાયફા નાં કરવાં.ધર્મ સાથે કર્મ ને પણ મહાન બનાવવું એવું કચ્છી મહેશ્વરી સમાજ ની જાગૃત મહિલા એડવોકેટ કાંતા બેન મહેશ્વરી દ્વારા જણાવવા માં આવ્યું.

# એસટીના કંડક્ટરની પરીક્ષામાં માસ્ટર ડીગ્રી હોલ્ડરોની લાંબી લાઈન

## ૩૩૪૨ ખાલી જગ્યા માટે ૩૩૫૦૦ ઉમેદવારોએ પરીક્ષા આપીઃ સરકારી નોકરી મેળવવા બેરોજગારોનો રાફડો ફાટ્યો


**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યમાં એસટી વિભાગમાં કંડક્ટરની ખાલી પડેલી ૩૩૪૨ જગ્યા પર ગુજરાત ટે ક્નિકલ યુનિવર્સિટી દ્વારા રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં પરીક્ષા લેવામાં આવી હતી. કંડક્ટરની ખાલી પડેલી ૩૩૪૨ જગ્યા પર ૩૫ હજાર કરતા વધારે ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. માસ્ટર ડીગ્રી ધરાવતા ઉમેદવારોએ પરીક્ષામાં ઉમેદવારી નોંધાવી હતી. રાજકોટના પરીક્ષા કેન્દ્રો પર સરકારી નોકરી મેળવવા બેરોજગારોનો રાફડો ફાટ્યો હોય તેવું જોવા મળ્યું હતું.

આ અંગે રાજકોટ સેન્ટ્રલના ઈન્ચાર્જ અમિત જોશીએ જણાવ્યુ હતું કિ, પરીક્ષા કેન્દ્ર પર કંડક્ટર બનવા માટે ૫૬૦ ઉમેદવારો પરીક્ષા આપી રહ્યા છે. જેના કેટલાક ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. તો કેટલાક ઉમેદવારોએ માસ્ટર ડીગ્રી મેળવી લીધી છે. પરીક્ષા કેન્દ્ર પર પોલીસ બંદોબસ્ત ગોઠવાયો ન હતો.

રાજકોટમાં એસટીના કંડકટર બનવા માટેની પરીક્ષા આપવા આવેલી વિદ્યાર્થિની ધારા ગઢવીએ જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષથી આ પરીક્ષાની હું તૈયારી કરી રહી હતી. ગત વર્ષે સપ્ટેમ્બર માસમાં આ પરીક્ષા માટેના ફોર્મ ભરાયા હતા અને હવે સવા વર્ષ બાદ આ પરીક્ષા આવી છે. પરીક્ષા માટેનો પૂરો સિલેબસ કવર કરી લીધો છે.

સામાન્ય રીતે કંડકટરની જોબ ખૂબ જ સંઘર્ષ વાળી હોય છે. લોકોને એવું લાગે છે કે કંડકટર શા માટે બનવું જોઈએ? પરંતુ આ સરકારી નોકરી હોવાથી તેના માટેની તૈયારી કરી રહી હતી. હું માસ્ટર ડિગ્રીમાં અભ્યાસ કરું છું અને જુનાગઢથી આવું છું.



પરીક્ષાર્થી ગેડિયા દિવ્યાંશે જણાવ્યું હતું કે, કંડકટરની પરીક્ષા આપવા માટે અહીં આવ્યો છું . છેલ્લા બેથી ત્રણ મહિનાથી પરીક્ષાની તૈયારીઓ ચાલુ છે.

પ્રથમ ઇ.ઈઘખ અને ત્યારબાદ ખ.ઈઘખ કરેલું છે. અત્યાર સુધી સરકારી નોકરી માટેની પરીક્ષાની તૈયારીઓ કરેલી છે, પરંતુ તેમાં સફળતા મળી નથી જેથી કંડકટરની પરીક્ષા આપવા માટે આવ્યો છું. હું વાંકાનેરથી આવું છું અને લાઈબ્રેરીમાં પૂરો દિવસ પરીક્ષાની તૈયારી કરતો હતો. હાલમાં બેરોજગારી હોવાને કારણે કોઈપણ પ્રકારની સરકારી નોકરી મળે તો તેની તૈયારી કરવા માટે તત્પર રહેવું જોઈએ.

# રાજકોટ અમદાવાદ હાઈવે પર ઈન્ડિયા પેલેસ હોટલમાં ચાલતા યંત્ર જુગાર પર એસએમસી ત્રાટકી

## સ્થાનિક પોલીસને ઊંઘતી રાખી સ્ટેટ મોનિટરિંગ સેલ નો દરોડોઃ રૂપિયા ૧.૧૮ લાખની રોકડ સહિત કુલ રૂપિયા ૧૨ લાખના મુદ્દા માલ સાથે અમદાવાદના ત્રણ જુગારી સહિત નવ ગ્રાહકો ની ધરપકડઃ જુગારનો સંચાલક કુવાડવાના ઈરફાન દિવાનની શોધખોળ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં થર્ટી ફર્સ્ટ પૂર્વે પોલીસે દારૂ જુગારના હાઠડા પર બાજ નજર રાખી છે ત્યારે રાજકોટ અમદાવાદ હાઈવે પર કુચિયાદળ ગામના રસ્તે આવેલ ઈન્ડિયા પેલેસ હોટલમાં ચાલતા યંત્રના જુગાર પર સ્થાનિક પોલીસને ઊંઘતી રાખી સ્ટેટ મોનિટરિંગ સેલ ની ટીમે દરોડો પાડી ₹૧૨,૦૦,૦૦૦ થી વધુ નો મુદ્દા માલ કબજે કરી નવ જુગારીઓની ધરપકડ કરી છે જ્યારે જુગાર નો સંચાલક કુવાડવાનો ઈરફાન દિવાની હાજર નહીં મળી આવતા શોધખોળ શરૂ કરી છે.

પોલીસ સુત્રો માંથી મળતી માહિતી મુજબ રાજકોટ અમદાવાદ હાઈવે પર આવેલા કુચિયા તળ ગામના પાટીયા પાસે ઈન્ડિયા પેલેસ હોટલમાં યંત્ર નો જુગાર ચાલતો હોવાની હકીકત મળતા સ્થાનિક પોલીસને ઊંઘતી રાખી સ્ટેટ મોનિટરિંગ સેલ ની ટીમના ડીવાયએસપી કેટી કામડીયા ના માર્ગદર્શન હેઠળ એસએમસીના પી.એસ.આઈ કે એચ ઝંકટ તથા સ્ટાફના અન્ય જવાનો સહિતના એ ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા યંત્રનો જુગાર ચલાવનાર અમદાવાદના અંબિકા નગર મેઘાણીનગર નો ભાવેશ રાધા કાન્તજા તથા અખિલેશ શાંતિ સિંહ રાજપુત તથા ભુપેન્દ્રસિંહ રાઠોડ અને જુગાર રમવા આવેલો ચોટીલા ના થાન રોડ પર ખુશીનગરમાં રહેતો જનક કાળું વિક્રમા તથા ફાળદમ નામે રહેતો ઉમેશ બાબુ ખાચર ચોટીલાના ખતડી ગામે રહેતો જયદીપ ગોગા ખાચર રાજકોટ માં રેલ નગર આવાસના ક્વોટરમાં રહેતો શરાબ ખાન ઉર્ફે મુન્ના હનીફ ખાન પઠાણ કુવાડવા રોડ પર બાલાજી પાર્કમાં રહેતો ગજેન્દ્રસિંહ ઉર્ફે ગજુભા કનકસિંહ ખાચર અને ચોટીલાના સાલખાડા નો રવિ ઉમેદવિક્રમા




સહિત નવ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧.૧૮ લાખ તથા રૂપિયા ૭૫૦૦૦ ની કિંમતના ૧૧ મોબાઈલ અને બે કાર સહિત કુલ રૂપિયા ૧૨ લાખનો મુદ્દા માલ કબજે કર્યો હતો જ્યારે યંત્ર જુગાર ક્લબ નો સંચાલક કુવાડવાનો ઈરફાન દિવાન હાજર નહીં મળી આવતા પોલીસે આ મુખ્ય સૂત્રધાર ઈરફાન દિવાલની શોધખોળ શરૂ કરી છે

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શહેરના માર્ગો પર બ્રેથ એનેલાઈઝર ડ્રગ્સ ડિટેક્શન કિટ સાથે પોલીસ હશે તૈનાત; પાર્ટી પર ડ્રોનથી નજર રખાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આગામી બે દિવસ બાદ થર્ટી ફર્સ્ટ આવી રહી છે. ત્યારે આ નવા વર્ષની ઉજવણી માટે ઠેર-ઠેર પાર્ટીના આયોજનો કરવામાં આવ્યા છે. ત્યારે આ દિવસે ઉજવણી શાંતિપૂર્ણ વાતાવરણમાં થાય અને કોઈ છાંકટા ન બને તે માટે પોલીસે એક્શન પ્લાન ઘડ્યો છે. અલગ-અલગ ટીમોને મુખ્ય માર્ગો પર ઉતારવામાં આવશે. ક્રાઈમ બ્રાંચ, એસઓજી, પીસીબી, એલસીબી સહિતની મહત્વની બ્રાંચો પણ આ દિવસે રસ્તાઓ પર ઉતરી પડશે. પોલીસ તંત્ર દ્વારા ખાસ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. નશેડીઓને ઝડપવા માટે ખાસ ડ્રગ્સ ડિટેક્શન કિટ અને બંધાણીઓને ઝડપવા માટે બ્રેથ એનેલાઈઝર કીટ સાથે પોલીસ તૈનાત રહેશે. તેના દ્વારા ચેકિંગ કરી પોલીસ દ્વારા કેસ કરવામાં આવશે. આમ છાંકટા તત્વો ઉપર લગામ કસવા પોલીસ તંત્ર સજ્જ બન્યુ છે.

રાજકોટ શહેર પોલીસે પાર્ટી પ્લોટમાં થતા ખાનગી આયોજનોમાં પણ તમામ આયોજકોને ખાનગી સિક્યોરિટી રાખવા તેમજ શક્ય હોય તેટલી જગ્યાએ સીસીટીવી કેમેરાથી કવર થાય તે મુજબ આયોજન કરવા સૂચના આપી છે. આ સાથે શહેરના તમામ મુખ્ય ચાર રસ્તાઓ ઉપર રાજકોટ શહેર પોલીસની અલગ અલગ ટીમો વાહન ચેકિંગ કરશે. વાહન ચેકિંગની સાથે અલગ અલગ ટીમો બ્રેથ એનેલાઇઝરનો પણ ઉપયોગ કરશે.રાજકોટ શહેરમાં છેલ્લા ૧૦ દિવસથી રોજ રાત્રિના સમયે ટ્રાફિક શાખા ખાસ ડ્રાઈવ યોજી વાહન ચેકિંગની સાથે સાથે બ્રેથ એનેલાઇઝર મદદથી તપાસ કરી રહી છે, જેમાં કુલ ૧૦૦૦થી વધુ વાહન ચાલકોની તપાસ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે પોલીસ ચેકિંગ દરમિયાન નાર્કોટિક્સ ડ્રગ્સ સેવન કર્યાનો રિપોર્ટ પોઝિટિવ આવશે તો તેમના બ્લડ સેમ્પલ કલેક્ટ કરી સિવિલ હોસ્પિટલ તેમજ ગાંધીનગર લેબ ખાતે મોકલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.રાજકોટ શહેર પોલીસમાં આયોજકો દ્વારા મંજૂરી માટે અરજી કરવામાં આવી છે. જે લોકોએ અરજી કરી છે તેમનું ચેકિંગ કરી બાદમાં મંજૂરી નિયમ મુજબ આપવામાં આવશે અને જે લોકોએ મંજૂરી માટે એપ્લાય કર્યુ નથી તેમના આયોજનને બંધ કરાવવામાં આવશે તેવુ પોલીસ સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે.





## શહેરમાં થર્ટી ફર્સ્ટ પર યુવાધન છાંકટું ન બને તે માટે પોલીસ સજ્જ; ડ્રોન-સીસીટીવીથી ખાસ નજર રખાશે

# સગપણ નક્કી કરી રોકડ-દાગીના પડાવી લીધા બાદ યુવતીની અન્યત્ર સગાઈ કરી નખાઈ

## રાજકોટના યુવક અને તેના પરિવાર સાથે ઠગાઈ કરનાર કોડીનારના વલાદર ગામની યુવતીના પરિવાર વિરુદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નાનામોવા પાસે આવેલા ભીમનગર વિસ્તારમાં રહેતા પરિવારે તેના પુત્ર સગપણ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વલાદર ગામે રહેતા પરિવારની પુત્રી સાથે નક્કી કર્યું હતું. સગપણ નક્કી થયા બાદ યુવકના પરિવારે અમુક દાગીનાઓ દીકરીને ચડાવ્યા હતા અને દીકરીના પરિવારે પ્રસંગ કરવા માટે અમુક રકમ પણ માગી હતી. જે તમામ લઈ લીધા બાદ યુવતીના પરિવારે દગો કરી યુવતીની અન્યત્ર સગાઈ કરી નાખતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. જાણવા મળતી વિગતો મુજબ નાનામોવા પાસે આવેલા ભીમનગર શેરી નં.૭ માં રહેતા પુષ્પાબેન ભવાનભાઈ જાદવ નામની મહિલાએ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વલાદાર ગામે રહેતા યુવતીના પિતા રાઘવભાઈ પરમાર યુવતીની માતા રસીલાબેન પરમાર અને સગપણ નક્કી કરાવનાર અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ખીજડીયા કોટડા ગામે રહેતા બધાભાઈ ચકાભાઈ સોલંકી સામે ઠગાઈ છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં પુષ્પાબેન જણાવ્યું હતું કે તેમના પુત્ર જયદીપ નું સગપણ કરવાનું હતું જેથી આ અંગેની વાત તેમણે બધાભાઈ સોલંકીને કરી હતી જેથી બધાભાઈએ વલાદાર ગામે રહેતા રાઘવભાઈ પરમાર ની પુત્રી નું ઠેકાણું બતાવ્યું હતું ગત ઓગસ્ટ મહિનામાં પુષ્પાબેન તથા તેના પરિવારના સભ્યો અને પુત્ર તમામ વલાદર ગામે ગયા હતા અને ત્યાં રાઘવભાઈની પુત્રીને જોઈ હતી અને તે જયદીપને પસંદ પડી જતા બંનેનું સગપણ નક્કી કર્યું હતું. જે તે સમયે રૂપિયો નાળિયેર આપી સગપણ ફાઈનલ કર્યું હતું. ત્યારબાદ પુષ્પાબેન અને તેમના પતિ દ્વારા પુત્રવધુને એક જોડી ચાંદીના સાંકડા એક સોનાની નથ એક સોનાની બુટ્ટી અને સોનાની ઈયરિંગ તથા અન્ય વસ્તુઓ ચડાવી હતી. સમય જતા રાઘવભાઈએ તેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાનું કહી કટકે કટકે ૧.૨૨ લાખ મેળવી લીધા હતા અને આમ કુલ ૧.૫૦ લાખ જેવું યુવતીના પરિવારને ચુકવણું કર્યું હતું. ત્યારબાદ એકાએક યુવતીના પરિવાર દ્વારા યુવતીની સગાઈ અન્યત્ર કરી નાખવામાં આવી હતી તે અંગેની જાણ થતા પુષ્પાબેન તથા તેમના પતિ દ્વારા રાઘવભાઈ અને રસીલાબેન નો સંપર્ક કરવામાં આવ્યો હતો પરંતુ તેઓ કોઈ જવાબ આપતા ન હતા. આ ઉપરાંત સગપણ નક્કી કરાવનાર બધાભાઈ સોલંકીનો પણ સંપર્ક કરાયો હતો. તેમણે પણ કોઈ જવાબ આપ્યો ન હતો આથી તેઓ સાથે છેતરપિંડી વિશ્વાસઘાત થયાનું માલુમ પડતા આ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે ફરિયાદ દાખલ કરી તાલુકા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એમ બી ઠાકરે તપાસ હાથ ધરી છે.




# સબ રજિસ્ટ્રાર કચેરીમાં રેકોર્ડનો નાશ કરનાર વધુ એક આરોપીની ધરપકડ

## કોન્ટ્રાકટ બેઝ નોકરી કરતો પ્રૌઢ ડુપ્લીકેટ ચાવીથી રાત્રે દસ્તાવેજ ચોરી લાવીને મુખ્ય આરોપીને પહોચાડતો હોવાની શંકાઃ આરોપીના રિમાન્ડ માંગવામાં આવશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં ખોટા દસ્તાવેજો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કર્યા ગુનામાં પ્રદ્યુમનનગર પોલીસ દ્વારા વધુ એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

બે દિવસ પૂર્વે અમદાવાદથી પકડી પાડવામાં આવેલ આરોપી હર્ષ સોનીને સબ રજિસ્ટ્રાર કચેરીમાંથી અસલ દસ્તાવેજ ચોરીને આપતા શખ્સની પ્રદ્યુમનનગર પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. જેમાં આરોપી મનીષ ઉર્ફે મનુભા હેરમા ડુપ્લીકેટ ચાવી બનાવી સરકારી કચેરીમા રેકડનો નાશ કરતો હતો અને અસલ દસ્તાવેજ હર્ષ સોની સુધી પહોંચાડતો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. પોલીસે હાલ આરોપી મનીષ ઉર્ફે મનુભાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ શહેરના બોગસ દસ્તાવેજ કૌભાંડના મુખ્ય સુત્રધાર આરોપી હર્ષ ભરતભાઈ સોહેલીયાને અમદાવાદ ખાતેથી ઝડપી પાડયા બાદ આરોપીની સઘન પુછપરછ કરતા તેને જણાવેલ કે, મનીષ ઉર્ફે મનુભા હેરમા જે સબરજીસ્ટાર કચેરી ઝોન-૧ મા કોન્ટ્રાકટ બેઝ પર સેવક તરીકે ફરજ બજાવતો તેને ઈન્ડેક્ષ રેકોર્ડ રૂમ તથા સબરજીસ્ટાર સાહેબની ડેટા એન્ટ્રી ઓફિસની ડુપ્લીકેટ ચાવી બનાવી રાત્રીના સમયે કોઈ ન હોય ત્યારે પ્રવેશ કરી ઓરીજનલ દસ્તાવેજના પાના ફાડી લાવી આપતો હોવાનું જણાવતા આજ રોજ રાજકોટ પ્રદ્યુમનનગર પોલીસ દ્વારા મનીષ ઉર્ફે મનુભા હેરમાને રાજકોટ ખાતેથી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી મનીષ ઉર્ફે મનુભા હેરમાં રાજકોટના રેલનગર વિસ્તારમાં આવેલ ઋષિકેશ પાર્ક શેરી નંબર ૩માં રહેતો હોવાનું અને સબ રજિસ્ટ્રાર કચેરીમાં કોન્ટ્રાક્ટ બેઝ પર નોકરી કરતો હોવાનું સામે આવ્યું છે તેને પોતે ડુપ્લીકેટ ચાવી બનાવી રજિસ્ટ્રાર કચેરીમાં રહેલ દસ્તાવેજનો નાશ કર્યો હોવાનું સામે આવ્યું છે પરંતુ તેમના દ્વારા કુલ કેટલા દસ્તાવેજનો નાશ કરવામાં આવ્યો તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ માહિતી આપવામાં આવી નથી જેને લઈ પોલીસ દ્વારા એ દિશામાં આગળ તપાસ હાથ ધરવામાં આવશે અને આ કર્સમાં આગળ વધુ - કોઈ સરકારી અધિકારી કર્મચારીઓની સંડોવણી ખુલવા પામે છે કે કેમ તે જોવું મહત્વનું રહેશે.

હાલ આ કેસમાં પોલીસે અત્યાર સુધીની તપાસમાં પ્રથમ જયદીપ ઝાલા નામના આરોપીની ધરપકડ કરી છે જે હાલ રાજકોટ મધ્યસ્થ જેલમાં બંધ છે જયારે બે દિવસ પૂર્વે મુખ્ય સૂત્રધાર હર્ષ સોનીની ધરપકડ કરવામાં આવી જે હાલ પોલીસ રિમાન્ડ પર છે અને આજે મનીષ ઉર્ફે મનુભાની ધરપકડ કરી જેના આવતીકાલે રિમાન્ડ મેળવવા માટે તજવીજ હાથ ધરવામાં આવશે જયારે આરોપીઓની કબૂલાત અને એક બીજા આરોપીના નિવેદન નું ક્રોસ વેરિફિકેશન કરવા માટે પોલીસ દ્વારા જેલમાં બંધ આરોપી જયદિપ ઝાલાની પણ પુછપરછ હાથ ધરવમાં આવશે.



# ગવરીદળમાં આફ્રિકન છાત્રો અને ગ્રામજનો વચ્ચેની બબાલમાં પોલીસે સત્ય સામે લાવ્યું

## આફ્રિકન છાત્ર બે બહેનો સાથે દવા લેવા આવ્યો ત્યારે તેના બાઈક સામે રવિ નામના વ્યક્તિની કાર આવી જતા બબાલ થઈ હતીઃ કાર પર અભદ્ર લખાણ આફ્રિકન વિદ્યાર્થીઓએ નહીં પણ એક સ્થાનિક ગ્રામજને લખ્યું હતું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના મોરબી રોડ પર ગ્રામજનો અને આફ્રિકન વિદ્યાર્થીઓ વચ્ચે તકરારના મામલે કુવાડવા પોલીસે તપાસ કરતાં સત્ય સામે આવ્યું છે જે મુજબ કારમાં અભદ્ર લખાણ કોઈ આફ્રિકન વિદ્યાર્થીએ નહિ પણ એક ગ્રામજને લખ્યું હતું.આ મામલે ગ્રામજનની શોધ હાથ ધરવામાં આવી છે

પોલીસે જણાવ્યું હતું કે બંને પક્ષોને મળ્યા પછી સામે આવેલ હકીકત એવી છે કે તા.૨૮/૧૨ના રાત્રે દસ વાગ્યાની આજુબાજુ ગવરીદળ ગામ મુખ્ય બજારમાં જેફરસન નામનો લાઈબિરિયા દેશનો વિદ્યાર્થી પોતાની બે બહેનો સાથે બાઈક ઉપર મેડિસિન લેવા માટે રતનપર ગામથી ગવરીદળ ગામના બજારમાં આવ્યો હતો, ત્યાં સામેથી રવિભાઈ નામના વ્યક્તિ પોતાની કારમાં આવ્યા હતા અને ટ્રાફિક હોવાના કારણે બન્નેની ગાડીઓ સામે સામે આવી ગઈ હતી. આ દરમિયાન જેફરસનની બાઈક બંધ થઈ ગઈ હતી અને એમને બાઈક સાઈડમાં લેવામાં થોડી વાર લાગી તો રવિભાઈ ગુસ્સે થઈ કારથી નીચે આવ્યા અને જેફરસન અને રવિભાઈ વચ્ચે બોલા-ચાલી થયેલ.બોલતા- બોલતા રવિભાઈ દ્વારા ઉશ્કેરાઈ જઈ જેફરસનના છાતીના ભાગે એક લાકડી મારવામાં આવી હતી, તો બીજી તરફ જેફરસન પણ રવિભાઈને મારવા માટે ભાગેલ અને રવિભાઈ ગાડી મુકીને જગ્યા ઉપરથી નાસી ગયેલ. આ દરમિયાન રવિભાઈની ગાડી જગ્યા ઉપર જ હતી. આજુ-બાજુમાં ગ્રામજનો ભેગા થતા જેફરસન દ્વારા આફ્રિકન કમ્યુનિટીના બે ત્રણ વિદ્યાર્થી લીડર્સને ફોન કરવામાં આવેલ અને ત્યાં જગ્યા ઉપર ૧૦ જેવા આફ્રિકાની સ્ટુડન્ટ આવી ગયેલ અને એમને જોઈને ૨૫ જેવા ગામજનો પણ ભેગા થઈ ગયેલ હતા. ગામજનોનો આક્ષેપ એવો હતો કે આફ્રિકન વિદ્યાર્થીઓ દ્વારા ગાડી ઉપર અભદ્ર લખાણ લખવામાં આવેલ હતા પણ હકીકતમાં મારવાડી યુનીવર્સીટીના રજિસ્ટ્રાર પુનિતભાઈ તથા મારવાડી યુનીવર્સીટીના કર્મચારી નિલેષભાઈ અડવાણી તથા રોહિતભાઈ આફ્રિકન સ્ટુડન્ટ સાથે આવેલ હોઈ અને વિદ્યાર્થીઓની પુછપરછ કરતા જાણવા મળેલ કે અભદ્ર શબ્દો લખવામાં આવેલ નથી અને આખી ઘટનાના વિડીયો એમના દ્વારા રેકોર્ડ કરવામાં આવેલ હતા અને રવિભાઈ નાસી ગયા પછી ગાડીના વિડીયો એમના પાસે છે તેમ જણાવેલ છે. વિડીયોમાં જતા રવિભાઈની ગાડી આઈ ટ્રેન્ટી કાર GJ-03- LB-8220માં પાછળના કાચ પર DON'T MOVE લખેલ દેખાઈ છે.

તેમજ અન્ય કંઈ પણ પ્રકારનુ લખાણ દેખાતું નથી અને આગળના કાચ ઉપર એક કાકા જે સ્થાનિક છે જે ગાડીના કાચ ઉપર અમુક લખાણ લખતા દેખાય છે જેમાં અભદ્ર જેવુ લખાણ લખતા જોવા મળેલ છે.જેની ઓળખ અંગેની તપાસ ચાલુ છે.




# પારડી ગામે શ્વાનોના હુમલામાં ઘવાયેલા આધેડે સારવારમાં દમ તોડયો

પારડી ગામે કિશાન ગેટની અંદર અજાણ્યા માણસ પર શ્વાનોના ટોળાએ હુમલો કર્યો હોવાની રાહદારીને ધ્યાને આવતા તેને આસપાસ બે ત્રણ લોકોએ એકઠા કરી શ્વાનોને ભગાડી ઈજાગ્રસ્ત માણસને ૧૦૮ મારફત સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડયો હતો. જયાં ટુંકી સારવાર દરમ્યાન અજાણ્યા માણસે સારવારમાં દમ તોડી દેતા હોસ્પિ.ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ હતી. શાપર પોલીસ મથકના પીઆઈ આર.બી.રાણા સહિતનાએ મૃતક માણસની ઓળખ મેળવવા સીસીટીવી આધારે તપાસ હાથ ધરતા મૃતક બિજયદાસ સહદેવદાસ ઉ.૪૫ મૂળ બિહારનો વતની છે. અને તેના પુત્ર સાથે રહે છે અને પુજા ઈન્સ્ટ્રીઝમાં મજુરી કામ કરતો અને ગત.તા.૨૪થી કામે પણ ન જતો હતો.ગતરાતે કિશાન ગેટ પાસે હતો ત્યારે શ્વાનોના ટોળાએ હુમલો કર્યો હોવાથી સારવારમાં મોત નિપજયાનું તપાસમાં જાણવા મળેલ છે. પોલીસે વધુ તપાસ અર્થે મૃતકના રીપોર્ટને એફેસેલમાં મોકલી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# કેટરીંગમાં સ્ટાફ સપ્લાય કરતા દંપત્તિને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી કોન્ટ્રાકટરોએ ઝપાઝપી કર્યા ફરિયાદ

કણકોટ ગામ પાસે એકલવ્ય ગર વિસ્તારમાં રહેતા અને અલગ અલગ કેટરીંગ વ્યવસાય કરતા લોકોને કેટરીંગનો સ્ટાફ પૂરો પાડતા દંપત્તિને કોન્ટ્રાક્ટર સાથે નાણા બાબતે માથાકૂટ થઈ હતી. ત્યારબાદ જ્ઞાતિ પ્રત્યે કોન્ટ્રાક્ટરોએ હડધૂત કરી દંપત્તિને પાર્ટી પ્લોટ માં પ્રવેશવા ન દઈ ઝપાઝપી કરતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. બીજી ઘટનામાં જંગલેશ્વરમાં રહેતા પરિવારની મહિલાની તબિયત સારી ન હોય તેની ખબર અંતર પૂછવા ન ગયેલા કુટુંબિક ભાઈ પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. જાણવા મળતી વિગતો મુજબ રાજકોટના કણકોટ પાસે આવેલા બૌધિક વિહારની બાજુ માં એકલવ્યનગરમાં રહેતા રેખાબેન હરેશભાઈ ઉર્ફે હર્ષદભાઈ ચાવડાએ કેટરિંગનો વ્યવસાય કરતા કોન્ટ્રાક્ટર અંકિતભાઈ સાવલિયા, યોગેશભાઈ સાવલિયા કપિલભાઈ મેંદપરા ઈમરાન અલી અશરફભાઈ શકીલભાઈ તથા નસીમબેન સામે જ્ઞાતિ પ્રત્યે અડધો કરી ઝપાઝપી કરી નાણા ગપચાવી ગયા અંગેની ફરિયાદ નોંધાવી છે.

# પિતા-પુત્ર પર મોટાબાપુ સહિત ત્રણે ધોકા વડે હુમલો કરી પડખામાં છરીના ઘા ઝીંકયા

## યુવતીની ફરિયાદ પરથી ત્રિપુટી સામે ભકિતનગરમાં નોંધાતો ગુનો

જંગલેશ્વર વિસ્તારમાં પિતા-પુત્ર પર મોટાબાપુ સહિત ત્રણ શખસોએ ધોકા વડે હુમલો કરી પડખામાં છરીનો ઘા ઝીંકી દેતા ઈજાગ્રસ્ત હાલતમાં યુવકને સારવાર અર્થે સિવિલ હોસ્પિ. માં ખસેડાઈ હતી. રાધાકુષ્ણ શેરીમાં રહેતા મનીષભાઈ હરેશભાઈ વઢરકીયાએ ભકિતનગર પોલીસમાં મોટાબાપુ રસીક, તેના બે પુત્રો રૂપી અને ચેતન સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં તે ગઈકાલે કારખાનેથી કામ કરી ઘરે આવ્યો ત્યારે બાજુમાં રહેતા મોટાબાપુ રસીકના પત્ની ગીતાબેનને અઠવાડીયા પુર્વે હાર્ટ એટેક આવ્યો હોવાથી ઘરના કોઈ સભ્યો ખબર અંતર પુછવા ન ગયા હોવાથી તેનો ખાર રાખી મોટાબાપુ કહ્યું કે અમે તમારા સારા નરસા પ્રસંગમાં આવીએ છીએ તો તમે લોકો અમારા ઘરે આવુ બનેલ હોય તેમ છતાં ખબર પુછવા આવ્યા નહીં કહી ત્રણેયે ધોકા છરી વડે હુમલો કર્યો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# Avpt ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીની ભેદી રીતે લાપતા

રાજકોટના ટાગોર રોડ પર હેમુ ગઢવી હોલ પાસે આવેલી એવીપીટીઆઈ ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી અને તે કોલેજમાં જ ડિગ્રીનો અભ્યાસ કરતી ગોંડલ પંથકની સગીર વિદ્યાર્થીની ગઈકાલે કોલેજ જવા નીકળ્યા બાદ ભેદી રીતે લાપતા બની જતા પરિવારજનો દ્વારા પોલીસમાં અપહરણની ફરિયાદ નોંધાવવામાં આવી છે. જાણવા મળતી વિગતો મુજબ ગોંડલ તાલુકાના ખાંડાધાર ગામના પરિવારની સગીર વયની પુત્રી રાજકોટના ટાગોર રોડ પર હેમુ ગઢવી હોલ નજીક આવેલી એવીપીટીઆઈ કોલેજમાં ડિગ્રીનો કોર્સ કરે છે અને એવીપીટીઆઈ કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં જ રહે છે. રાબેતા મુજબ સવારે તે કોલેજે જાય છે તે રીતે ગત તા. ૨૬ ના રોજ સવારે ૮:૩૦ વાગ્યે કોલેજે જવા નીકળ્યા બાદ બપોર સુધી પરત ફરી ન હતી. જેથી પરિવારના સભ્યોએ ફોન કરવા છતાં પણ તેનો ફોન રિસીવ થતો ન હતો. આથી શંકા જતા તુરંત રાજકોટ ખાતે આવી હોસ્ટેલ ખાતે તપાસ કરતા પુત્રી મળી આવી ન હતી અને તપાસ દરમિયાન કોઈ અજાણ્યો શખ્સ તેને ભગાડી ગયાનું જાણવા મળ્યું હતું. આથી પરિવારે એ ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ તેની પુત્રીનું અપરણ કરી ગયા અંગેની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ મકવાણાએ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના આધેડની અજાણ્યા શખસોએ ગળુ દબાવી હત્યા કરી લાશ સળગાવી હોવાનો ઘટસ્ફોટ

## મહિકા ગામના ખંઢેર મકાનમાંથી મળેલ લાશનું પીએમ કરાવી પોલીસે અજાણ્યા શખસો સામે હત્યાનો ગુનો નોંધી શોધખોળ હાથ ધરી

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ તાલુકાના મોટા મહીકા ગામે ખંઢેર મકાનમાંથી અર્ધ સળગેલી રાજકોટના આધેડની લાશ મળી આવતા પોલીસ દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિ. માં ખસેડી હતી.ફોરેન્સિક પીએમમાં આધેડનું ગળું દબાવી હત્યા કરી લાશ સળગાવી દીધાનું તપાસમાં ખુલતા પોલીસે અજાણ્યા શખસો સામે હત્યા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

મહિકા ગામે આવેલા ખંઢેર મકાનમાંથી અર્ધ સળગેલી અજાણ્યા આધેડની લાશ પડી હોવાની જાણ થતા એલસીબી, સ્થાનિક પોલીસ સહિતનો સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા મૃતક રાજકોટના મોરબી રોડ પર આવેલા સદગુરૂ સોસાયટીમાં રહેતા હસમુખ મુળશંકર વ્યાસ હોવાનું ખુલ્યુ હતું અને મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિ.માં ખસેડાયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકને બે પત્ની છે અને રાજકોટમાં રહેતા હતા. અને ખંઢેર મકાન મૃતકના બાપદાદા સમયનું હતુંફ અને અહીં કોઈ રહેતું ન હતુ.

ગત.તા.૨૬ના મૃતક હસમુખભાઈ ગયા હતા. અને પાડોશી પાસેથી કોથળા લીધા હતા. બાદમાં અર્ધ સળગેલી લાશ મળી હતી.દરમ્યાન પીએમ રીપોર્ટમાં મૃતકની ગળુ દબાવી હત્યા કરી લાશ સળગાવી દીધાનું ખુલતા પોલીસે અજાણ્યા શખસો સામે હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# ન્યારા પંપીગ સ્ટેશનમાં ફરીવાર તસ્કરો ત્રાટકયાઃ રૂ.૭૮ હજારના કેબલ વાયરની ચોરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ન્યારા ચેક પોસ્ટની પાછળ આવેલ ન્યારા પંપીગ સ્ટેશનમાં ફરીવાર તસ્કરો ત્રાટકયા હતાં અને રૂ.૭૮ હજારના કેબલ વાયરની ચોરી કરી નાસી છૂટતાં પડધરી પોલીસે તસ્કરોની શોધખોળ આદરી હતી.

પાંચ મહિના પૂર્વે પણ તસ્કરો રૂ.૧.૪૫ લાખનો વાયર ચોરી ગયાંની પોલીસ ફરીયાદ નોંધાઈ હતી. બનાવ અંગે રાજકોટમાં માધાપર ચોકડી પાસે બેકબોન રેસીડેન્સીમાં રહેતાં સુરેશકુમાર પરથીભાઈ બામણ્યા (ઉ.વ.૪૨) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ રાજકોટ મહાનગર પાલિકામાં વોટર વર્ક્સ વેસ્ટ ઝોનમાં એડીશનલ આસીસ્ટન્ટ એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે. તેઓની નીચે ન્યારા ચેક પોસ્ટની પાછળ આવેલ રાજકોટ મહાનગર પાલીકાનુ ન્યારા પંપીગ સ્ટેશન આવે છે.

ગઈ તા.૧૬/૧૨/૨૦૨૪ ના સવારના સમયે તેઓ ઘરે હતાં ત્યારે મહાનગર પાલીકાના ન્યારા પંપીગ સ્ટેશનમા ફરજ બજાવતા લાલજીભાઈ સોજીત્રાનો ફોન આવેલ કે, તેમને ન્યારા પંપીગ સ્ટેશનથી ઓપરેટરનો ફોન આવેલ હતો કે, ન્યારા પંપીગ સ્ટેશનમા ચોરી થયેલ છે, જેથી ફરિયાદીએ ઉપરી અધિકારીને જાણ કર્યા બાદ તેઓ વર્ક આસીસ્ટન્ટ જલદિપભાઈ સહિતના સ્ટાફ સાથે ન્યારા પંપીગ સ્ટેશને દોડી આવેલા અને ત્યાં સીકયુરીટી મેન અને ઓપરેટરે પંપીગ સ્ટેશનમા થયેલ ચોરી વાળી જગ્યાએ લઈ ગયેલ અને ત્યાં તપાસ કરતાં પંપીગ સ્ટેશનમા મોટર પંપનો કોપર કેબલ આશરે ૩૨ મીટર ગાયબ હતો.

જે અંગે ત્યાના ચોકીદારને પુછતા જણાવેલ કે, રાત્રીના આશરે ત્રણેક વાગ્યે કોઈ ચોર પંપીગ સ્ટેશનના બાજુમા આવેલ પાણી પુરવઠાનુ પંપીંગ સ્ટેશનની પાછળના ભાગે આવેલ દિવાલ ટપીને અંદર પ્રવેશ કરી કોપર કેબલની ચોરી કરી લઈ ગયેલ હોવાનુ જણાવેલ હતું.

જેથી કોઈ અજાણ્યા તસ્કરો રાજકોટ મહાનગર પાલિકાની માલીકીનું ન્યારા પંપીગ સ્ટેશનની બાજુમા આવેલ પાણી પુરવઠાનુ પંપીગ સ્ટેશનની પાછળના ભાગેથી રૂ.૭૮ હજારના મોટર પંપનો કોપર કેબલ આશરે ૩૨ મીટરની ચોરી કરી નાસી છૂટ્યો હતો. બનાવ અંગે પડધરી પોલીસે તસ્કરને શોધવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

ઉલ્લેખનીય છે કે, ગત જુલાઈ માસમાં પણ ન્યારા પંપીગ સ્ટેશનની દિવાલ ઠેકી પ્રવેશેલ તસ્કરો સિક્યુરીટીની હાજરીમાં રૂ.૧.૪૫ લાખના કેબલ વાયરની ચોરી કરી નાસી છૂટ્યા હતાં.